પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૩૬ • કુલ પાના : ૪ • તારીખ : ૩૧-૦૫-૨૦૨૨ મંગળવાર • કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ


EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પીએમ કેર્સ ફોર ચિલ્ડ્રન યોજના હેઠળ બાળકો માટે લાભ જાહેર કર્યા

## કોરોનામાં અનાથ થયેલા બાળકોને દર મહિને ૪,૦૦૦, ૨૩ વર્ષે ૧૦ લાખ મળશે



નવીદિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પીએમ કેર્સ ફોર ચિલ્ડ્રન યોજના હેઠળ બાળકો માટે લાભ જાહેર કર્યા. આ દરમિયાન તેમણે કહ્યું કે આજે હું પ્રધાનમંત્રી તરીકે નહીં પરંતુ તમારા પરિવારના એક સભ્ય તરીકે તમારી સાથે વાત કરી રહ્યો છું. આજે બાળકોની વચ્ચે આવીને મને ખુબ શાંતિ મળી છે.

પીએમ મોદીએ કહ્યું કે હું જાણું છું કે કોરોનાના કારણે જેમણે પોતાના લોકોને ગુમાવ્યા છે તમના જીવનમાં આવેલો આ ફેરફાર કેટલો કપરો છે. જીવન આપણને અનેકવાર અણધાર્યા વળાંક પર લાવીને ઊભા કરી દે છે. ક્યારેય કલ્પના પણ ન કરી હોય તેવી પરિસ્થિતિઓનો સામનો કરાવે છે, હસતાં હસતાં અચાનક અંધારું છવાઈ જાય છે. કોરોનાએ અનેક લોકોના જીવનમાં, અનેક પરિવારની સાથે કઈંક આવું જ કર્યું છે.

તેમણે કહ્યું કે જે જતા રહે છે તેમની આપણી પાસે બસ ગણતરીની યાદો રહી જાય છે પરંતુ જે રહી જાય છે તેમની સામે પડકારોનો ખડકલો થઈ જાય છે. આવા પડકારોમાં પીએમ કેર્સ ફોર ચિલ્ડ્ર્ન્સ તમારા જેવા કોરોના પ્રભાવિત બાળકોની મુશ્કેલીઓ ઓછી કરવાનો એક નાનકડો પ્રયત્ન છે. પીએમ કેર્સ ફોર ચિલ્ડ્રન એ વાતનું પણ પ્રતિબિંબ છે કે દરેક દેશવાસી પૂરી સંવેદનશીલતાથી તમારી સાથે છે.

મને સંતોષ છે કે બાળકોના સારા અભ્યાસ માટે તેમના ઘરની પાસે જ સરકારી કે પ્રાઈવેટ શાળાઓમાં તેમનો પ્રવેશ થઈ ચૂક્યો છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે જે કોઈને પ્રોફેશનલ કોર્સ માટે, હાયર એજ્યુકેશન માટે લોન જોઈએ તો તેમને પણ પીએમ કેર્સ તેમાં મદદરૂપ થશે. રોજબરોજની બીજી જરૂરિયાતો માટે અન્ય યોજનાઓના માધ્યમથી તેમના માટે મહિને ૪૦૦૦ રૂપિયાની વ્યવસ્થા કરાઈ છે. આવા બાળકો જ્યારે શાળાનો અભ્યાસ પૂરો કરશે તો તેમના આગળના ભવિષ્યના સપના માટે પણ પૈસાની જરૂર પડશે. આ માટે ૧૮-૨૩ વર્ષના યુવાઓને દર મહિને સ્ટાઈપેન્ડ મળશે. જ્યારે તેઓ ૨૩ વર્ષના થશે ત્યારે ૧૦ લાખ રૂપિયા એક સાથે મળશે.

પીએમ મોદીએ કહ્યું કે એક વધુ મોટી ચિંતા સ્વાસ્થ્ય સંલગ્ન પણ રહેતી હોય છે. ક્યારેક કોઈ બીમારી આવી ગઈ તો સારવાર માટે પૈસા પણ જોઈએ. પરંતુ કોઈ પણ બાળકે હવે તે માટે પરેશાન થવાની જરૂર નથી. પીએમ કેર્સ ફોર ચિલ્ડ્રનના માધ્યમથી બાળકોને આયુષ્યમાન હેલ્થ કાર્ડ પણ અપાઈ રહ્યા છે. તેનાથી ૫ લાખ રૂપિયા સુધીની સારવાર પણ વિના મૂલ્યે બાળકોને મળશે.

પીએમએ કહ્યું કે કોરોના મહામારીની આંચ સમગ્ર માનવતાએ સહન કરી છે. દુનિયાનો ભાગ્યે જ કોઈ એવો ખૂણો હશે જ્યાં સદીની સૌથી મોટી ત્રાસદીએ ક્યારેય ન ભૂલી શકાય તેવો જખ્મ ન આપ્યો હોય. તમે જે સાહસ અને જુસ્સાથી આ સંકટનો સામનો કર્યો છે તે બદલ હું તમને બધાને નમન કરું છું.

તેમણે કહ્યું કે પીએમ કેર્સ દ્વારા દેશ પોતાની આ જવાબદારીને નિભાવવાની કોશિશ કરી રહ્યો છે. આ પ્રયત્ન કોઈ એક વ્યક્તિ, સંસ્થા કે સરકાર માત્રનો પ્રયત્ન નથી. પીએમ કેર્સમાં આપણા કરોડો દેશવાસીઓએ પોતાની મહેનત અને પરસેવાની કમાણીને જોડી છે. હું જાણું છું કે કોઈ પણ પ્રયત્ન અને સહયોગ તમારા માતા પિતાના સ્નેહની ભરપાઈ કરી શકશે નહીં. પરંતુ માતા પિતા ન હોવાની આ સંકટની ઘડીમાં માતા ભારતી તમારી સાથે છે. દેશની સંવેદનાઓ તમારી સાથે છે અને આ સાથે જ તમારા સપનાઓને પૂરા કરવા માટે સમગ્ર દેશ તમારી સાથે છે.

## ગુજરાતના દરિયાકાંઠે ફૂંકાશે ભયંકર પવન, ૧ જૂન સુધી માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના



અમદાવાદ,

કેરળમાં ચાર દિવસ વહેલું નૈઋત્યના ચોમાસાનું આગમન થયુ છે. ત્યારે હવે ગુજરાતના ખેડૂતોને પણ ચોમાસાની વધુ રાહ જોવી નહીં પડે. એક અંદાજ પ્રમાણે ગુજરાતમાં ચોમાસા માટે હજુ થોડી રાહ જોવી પડશે. રાજ્યમાં ૨૦ જૂનની આસપાસ ચોમાસાનું આગમન થાય તેવી વકી છે. ત્યારે હવામાન વિભાગ આગામી ૪૮ કલાકમાં ઓબ્ઝર્વેશન કરીને ચોમાસાની તારીખ નક્કી કરશે. તો બીજી બાજુ રાજ્યના દરિયાકાંઠે હવાની ઝડપ ૫૦ કિ.મી. પ્રતિ કલાક રહી શકે છે. જેથી ૧ જૂન સુદી માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપી છે. રાજ્યના હવામાન વિભાગે પહેલી જૂન સુધી દરિયો ન ખેડવાની ચેતવણી આપી છે. કચ્છ, મુન્દ્રા, નવા કેડલા, જખૌ, નવલખી, જામનગર, ઓખા, સલાયા, પોરબંદર સહિતના દરિયામાં ૪૦ થી ૫૦ પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. પવનની ઝડપ અસ્થાયી રૂપે ૬૦ કિમિ પ્રતિ કલાક સુધી પહોંચી શકે તેવી પણ સંભાવના રહેલી છે. રાજ્યમાં આગામી પાંચ દિવસમાં વધારો થવાની સંભાવના ઓછી છે. અમદાવાદમાં આજે ૪૧ ડિગ્રી સાથે સરેરાશ મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં ૧ ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. આગામી ૩ દિવસમાં અમદાવાદમાં ગરમીનો પારો સાધારણ વધીને ૪૨ ડિગ્રી થઈ શકે છે. રવિવારે રાજ્યમાં સૌથી વધુ તાપમાન ગાંધીનગર અને ભાવનગરમાં ૪૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતુ. જ્યારે સૌથી ઓછું સુરતમાં ૩૪ ડિગ્રી તાપમાન નોંધાયું છે. નોંધીનીય છે કે, ચોમાસાને લઈને હવામાન વિભાગની આગાહી સચોટ પૂરવાર થઈ છે. ૨૯ મેના રોજ ચોમાસાની સત્તાવાર રીતે કેરાલામાં એન્ટ્રી થઈ ગઈ છે. હવામાન વિભાગનું કહેવુ છે કે, સમય કરતા ત્રણ દિવસ પહેલા ચોમાસાનું આગમન થયુ છે. આવનારા દિવસોમાં કેરાલાની સાથે સાથે કર્ણાટક અને મહારાષ્ટ્રના દરિયા કાંઠાના વિસ્તારોમાં ચોમાસુ આગળ વધશે. આ પહેલા હવામાન વિભાગ કહી ચુકયુ હતુ કે, બંગાળની ખાડીમાં આવેલા આસની નામના તોફાનના પ્રભાવના કારણે આ વખતે ચોમાસું સમય પહેલા કેરાલા પહોંચે તેવી શક્યતા છે.

### મુસેવાલાના મર્ડરના સાક્ષીએ કહ્યું

## ૭ હુમલાખોરોમાંથી એકે સિદ્ધુને સામેથી ગોળી મારી, બાકીના ૬ લોકોએ તેને કવર કર્યો હતો



ચંડીગઢ,

પંજાબી ગાયક સિદ્ધુ મુસેવાલાને ગોળી મારવામાં આવી ત્યાં પહોંચીને સંપૂર્ણ તપાસ કરી હતી. ઘટનાના સાક્ષી પ્રિન્સ સાથે પણ મુલાકાત કરી હતી. પ્રિન્સે જણાવ્યું કે, ઘટના સાંજે ૫થી ૫.૩૦ દરમિયાન થઈ હતી. માત્ર ૨ મિનિટમાં જ મુસેવાલાને ૩૦ ગોળીઓ મારવામાં આવી હતી. આરોપીઓ માત્ર ૨ મિનિટ જ રોકાયા હતા.

બે ગાડીઓ આવી, એખ બોલેરો હતી અને બીજી લાંબી કાર હતી. બંને ગાડીઓએ મુસેવાલાની થારને ઓવરટેક કરી. મુસેવાલાએ જેમ-તેમ કરીને તેની કાર સંભાળી ત્યાં જ કારમાંથી ૭ યુવક ઉતર્યા અને તાબડતોડ ફાયરિંગ કરવા લાગ્યા. ફાયરિંગ કરવા ૧થી ૨ મિનિટ ઘટના સ્થળે રોકાયા અને પછી ત્યાંથી તુરંત ફરાર થઈ ગયા હતા.

પ્રિન્સે જણાવ્યું કે, પહેલી ગોળી મુસેવાલાની થારના પાછળના ટાયરમાં મારવામાં આવી હતી. તેના કારણે ગાડીનું બેલેન્સ ખરાબ થઈ ગયું હતું. એટીલાવરમાં આરોપીઓએ ઓવરટેક કરીને ગાડીમાંથી ઉતરીને ફાયરિંગ શરૂ કરી દીધું હતું. મુસેવાલા અને તેમના મિત્રોને એલર્ટ થવાનો પણ સમય ના મળ્યો. ગોળીઓનો અવાજ સાંભળીને ઘણાં લોકો ઘરમાંથી બહાર આવી ગયા. પરંતુ હુમલાખોરએ તેમને ધમકાવતા તેઓ ફરી તેમના ઘરમાં પાછા ઘુસી ગયા.

સાક્ષી પ્રિન્સે જણાવ્યું કે, હુમલાખોરો એ રીતે ગોળીબાર કરતા હતા જાણે તેઓ નક્કી કરીને જ આવ્યા હતા કે મુસેવાલાની હત્યા કરી જ દેવી છે. હુમલાખોરોએ અંદાજે ૩૦ ફાયર કર્યા. પ્રિન્સના જણાવ્યા પ્રમાણે તેણે અને તેના મિત્રએ ઘટના સ્થળેથી ગોળીઓના ખોખા શોધવામાં પોલીસની મદદ કરી હતી. ગામ જવાહરની તે ગલીમાં દિવાલો પર અત્યારે પણ મુસાવાલનું લોહી ફેલાયેલું છે અને ગોળીઓના નિશાન છે.

(અનુ.પાના.નં.૨)



મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

## સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત

# રૂા.૨.૭૬ કરોડના ખર્ચે સંતરામપુર નગરપાલિકા દ્વારા નવનિર્મિત ટાઉનહોલનું મંત્રીના હસ્તે લોકાર્પણ

લુણાવાડા,
રાજયના ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજય મંત્રી કુબેરભાઇ ડીંડોરએ મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની સરકાર રાજયના તમામ નાગરિકોની સુખ–સુવિધા અને સર્વાંગી વિકાસ માટે પ્રતિબધ્ધ હોવાનું જણાવ્યું હતું.

મહીસાગર જિલ્લાના સંતરામપુર ખાતે સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂા. ૨.૭૬ કરોડના ખર્ચે સંતરામપુર નગરપાલિકા દ્વારા નવનિર્મિત ટાઉનહોલનું લોકાર્પણ કરતાં રાજય મંત્રી કુબેરભાઇ ડીંડોરએ મહિલાઓ, બાળકો, ખેડૂતો, વંચિતો, પીડિતોના વિકાસ માટે સરકાર દ્વાર ખાસ વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહયું છે તેમના જણાવી સમાજના તમામ વર્ગોના પરિવારોને વિકાસની મુખ્ય ધારામાં લાવવાની વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની પ્રતિબધ્ધતા સાકાર કરવામાં મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં સરકાર અગ્રેસર રહી હોવાનું ઉમેર્યું હતું.

મંત્રી ડીંડોરએ નગરપાલિકા દ્વારા નવનિર્મિત થયેલ આ ટાઉનહોલ નગરજનોને નાના–મોટા પ્રસંગો કરવા માટે કોઇ સગવડ ઉપલબ્ધ નહોતી તેને ધ્યાને રાખી નાના–મોટા પ્રસંગોએ લોકોપયોગી થઇ રહે તે રીતે તૈયાર કરવામાં આવ્યો છે. ત્યારે નગરજનોને તેનો લાભ લેવાની સાથે તેની યોગ્ય જાળવણી થાય તે જોવા કહ્યું હતું.



ઉચ્ચ શિક્ષણ રાજય મંત્રી કુબેરભાઇ ડીંડોરએ સંતરામપુર નગરપાલિકામાં સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ વિકાસ કામોની ગાથા વર્ણવતા કહ્યું હતું કે, કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ યોજનાઓ હેઠળ સંતરામપુર નગરપાલિકાના વિકાસ માટે પ્રધાનમંત્રી આવસ યોજના અંતર્ગત સંતરામપુર નગરમાં ૧૧૩૪ આવાસોના બાંધકામના કામો મંજુર થયેલ છે. જે પૈકી ૪૬૭ આવાસ પૂર્ણ થયેલ છે જયારે ૬૬૭ આવાસોનું કામ પ્રગતિમાં છે. જયારે આ યોજના હેઠળ અત્યાર સુધી લાભાર્થીઓને રૂ.૧૩.૧૨ કરોડનો લાભ મળેલ છે. જયારે સંતરામપુર નગરપાલિકા વિસ્તારોમાં જે વિકાસના કામો પૂરાં કરવામાં આવ્યા છે. તેમાં નગરના વિવિધ વિસ્તારોમાં એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટનું કામ, આર.સી.સી. તથા સી.સી. રસ્તાના કામો, સંતરામપુર નગરમાં રિલાયન્સ પેટ્રોલ પમ્પ થી બજાર ચોકડી સુધીનો ગૌરવપથને રીસરર્ફેસિંગના કામો, નિર્મળ ગુજરાત અંતર્ગત નગરમાં શૌચાલય વિહોણા કુટુંબોને વ્યકિતગત શૌચાલય બનાવવાના કામો, પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સંતરામપુર નગરમાં મકાન બાંધકામના કામો, સંતરામપુર નગરમાં પ્રતાપપુરા વિસ્તારમાં આવેલ ગાર્ડનનો વિકાસ કરવાનું કામ, નગરપાલિકા હસ્તક કડાણા ઈન્ટેકવેલ ખાતે ફોલ્ડર પંપનું કામ, પ્રતાપપુરા હનુમાનજી મંદિર પાસે તેમજ કારગીલ પેટ્રોલપમ્પ મંદિર ખાતે ડેવલોપમેન્ટ અંગેના કામોનો સમાવેશ થાય છે.

દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોરએ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર અને મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની રાજય સરકારે વિકાસનું પર્વ લોકો વચ્ચે જઈને ઊજવી તેના લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડીને ગુજરતને વિકાસની એક આગવી ઊંચાઇ પર લઇ ગયા છે. ગુજરાત આજે જનભાગીદારીથી વિકાસનું મોડેલ બન્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી આવતીકાલે કેન્દ્ર સરકારની વિવિધ લોકોપયોગી યોજનાઓના લાભાર્થીઓ સાથે સિમલા ખાતેથી વર્ચ્યુઅલ સંવાદ કાર્યક્રમ યોજાનાર છે તેની જાણકારી આપી હતી. ભાભોરએ સંતરામપુરના નાગરિકોની સુખાકારી અને નગરના વિકાસ માટે ચાલી રહેલ વિવિધ વિકાસ કામો જેવાં કે, વિવિધ વિસ્તારોમાં ૧.૭૮ કરોડ ખર્ચે એલ.ઈ.ડી સ્ટ્રીટ લાઈટ, સ્મશાનના રીનોવેશનનું કામ, વિવિધ જગ્યાએ બોક્સ કલવર્ટ, સુરક્ષા દીવાલો, આર.સી.સી. રસ્તા અને પેવરબ્લોક લગાવવાના કામો, સંતરામપુર નગરમાંથી નીકળતા ગંદા પાણીના નિકાલ માટે રૂા. ૧૦ કરોડન ખર્ચે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યસ્થા બોર્ડ દ્વારા સુવેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું કામ, વિવિધ સર્કલો પાસે રૂા. ૧૮ લાખના ખર્ચે હાઈમાસ્ટ ટાવર લગાવવાનું, રૂા. બે કરોડના ખર્ચે ભૂગર્ભ ગટર હાઉસ કનેક્શનનું કામ, રૂા. ૮૦ લાખના ખર્ચે મારૂવાડા અને કડાણા ખાતે પેનલ રૂમો બનાવવાનું કામ, રૂા. ૧.૪૯ કરોડના ખર્ચે નગરના ઘન કચરાના નિકાલ માટે મોજે.નાના નટવા ગામે જમીન લેવલીંગ અને કમ્પાઉન્ડ દીવાલ બનાવવાનું કામ જેવા કામો હાલ પ્રગતિમાં છે જયારે આગામી સમયમાં નલ સે જલ યોજના, સોલીડ વેસ્ટ મેન્ટમેન્ટ પ્લાન્ટ, ફાયર સ્ટેશન, સોલર પ્રોજેકટ જેવા હાથ ધરવામાં આવનાર કામોની રૂપરેખા આપી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી અને મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલએ ગુજરાતને વિકાસનો દોડમાં અવ્વલ બનાવ્યું હોવાનું જણાવ્યું હતું.

પ્રારંભમાં સંતરામપુર નગરપાલિકાના પ્રમુખએ સ્વાગત પ્રવચન કર્યું હતું જયારે ચીફ ઓફિસરએ આભારવિધિ કરી હતી.

આ પ્રસંગે જિલ્લા ભા.જ.પ. પ્રમુખ દશરથભાઈ બારિયા, પૂર્વ ધારાસભ્ય માનસિંહ ભમાત, ભાજપ મહામંત્રી રાવજીભાઇ પટેલ, અગ્રણી પટેલ, નગરપાલિકાના કાઉન્સિલરો, સમાજના અગ્રણીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# પીએમ કેર ફોર ચિલ્ડ્રન સ્કીમ હેઠળ પ્રધાનમંત્રીના અધ્યક્ષ સ્થાને ઓનલાઈન કાર્યક્રમ યોજી સહાય આપવામાં આવી

લુણાવાડા,
પીએમ કેર ફોર ચિલ્ડ્રન સ્કીમ ભારતના માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા ૨૯મી મે ૨૦૨૧ના રોજ બાળકો માટે શરૂ કરવામાં આવી હતી. તેનો ઉદ્દેશ્ય ૧૧મી માર્ચ ૨૦૨૦ થી શરૂ થતાં સમયગાળા દરમિયાન કોવીડ ૧૯ રોગચાળામાં માતા પિતા બંને ગુમાવ્યા હોય તેવા બાળકોને સહાય કરવાનો છે. આ યોજનાનો ઉદેશ્ય બાળકોની સર્વગ્રાહી સંભાળ અને સુરક્ષા સતત સુનિશ્ચિત કરવાનો છે.



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

આ યોજના દ્વારા બાળકોને આરોગ્ય વીમો આપી તેમના સ્વાસ્થ્યને સક્ષમ કરવામાં આવ્યું. બાળકોને શિક્ષણ આપી તેમનું ભવિષ્ય સક્ષમ બનાવવામાં આવ્યું. આ બાળકો ૨૩ વર્ષની ઉંમરે પહોંચે ત્યારે આર્થીક સહાય આપી આત્મનિર્ભર અસ્તિત્વ તૈયાર કરવામાં આવશે. આ યોજના હેઠળ બાળક ૧૮ વર્ષની ઉંમરથી સ્ટાઈપેન્ડ આપશે. ૨૩ વર્ષે બાળક પહોંચે ત્યારે તેને રૂ.૧૦ લાખ આપશે. SDRF-MHAના નિર્દેશ અનુસાર પ્રતિ મૃત માતા–પિતા દીઠ રૂ.૫૦ હજારનો લાભ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત તેમના શિક્ષણ અને આરોગ્યની વ્યવસ્થા સરકાર દ્વારા કરવામાં આવી છે . મુખ્યમંત્રી બાળ સેવા યોજના અંતર્ગત બાળકને માસિક રૂ. ૪૦૦૦,કેન્દ્ર સરકારની સ્પોન્સરશીપ યોજના અંતર્ગત માસિક રૂ.૨૦૦૦/– અને સદર બાળકને જે.એમ ફાઈનાનશીયલ ફાઉન્ડેશન દ્વારા શૈક્ષણિક સહાય પેટે શાળાની સત્ર ફી રૂ.૧૪૦૦/– લેખે ચુકવવામાં આવેલ છે.

કાર્યક્રમમાં બાળકો સાથે વાતચીત કરતા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ જણાવ્યું કે કોરોનાએ ઘણાની જીંદગી સંઘર્ષમય બનાવી દીધી છે. આ બાળકોની તકલીફ શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. પીએમ કેર ફોર ચિલ્ડ્રનની આ સહાય બાળકોને સારૂં શિક્ષણ, આરોગ્ય પૂરૂં પાડશે.બાળકોને ઉચ્ચ શિક્ષણ માટે લોન પણ પૂરી પાડવામાં આવશે.આ બાળકોની હિંમતને હું સલામ કરૂં છું. દેશની સંવેદના તમારી સાથે છે. બાળકો તમારે હાર નથી માનવાની , તમારે દેશ માટે આગળ વધવાનું છે.

મહીસાગર જિલ્લાના આવા એક લાભાર્થી બાળક કે જેનો કોરોનામાં પોતાના માતાપિતા ગુમાવ્યા હતા તેને જિલ્લા કલેકટર ડો.મનિષકકુમારએ આ બાળકોને યોજનાના દસ્તાવેજ આપી સહાયની રકમ પૂરી પાડી બાળકો અને તેમના વાલીઓ સાથે વાતચીત કરી તેમના ઉજ્જ્વળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી આ બાળકને જરૂરી એવી તમામ સુવિધા મળી રહે તે જોવા સંબંધિત અધિકારીઓને સુચવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી એસ.ડી.પરમાર, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી આર.કે.મેડા સહિત સંબંધિત વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નવી દિશા નવું ફલક અંતર્ગત લુણાવાડા ખાતે જિલ્લા કક્ષાનો રાજયના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે યોજાયો કારકિર્દિ માર્ગદર્શન સેમિનાર

લુણાવાડા,
રાજયના ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજય મંત્રી કુબેરભાઇ ડીંડોરએ રાજય સરકાર વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે રાજય સરકાર કટિબધ્ધ હોવાનું જણાવી યુવાનએ સ્ટાર્ટઅપના માધ્યમથી આત્મનિર્ભર બનવા શીખ આપી હતી.

મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના પ્રેરક માર્ગદર્શન અને શિક્ષણ મંત્રી જીતુભાઇ વાઘણાની પ્રેરણાથી આજે સમગ્ર રાજયમાં મહાનગરપાલિકાઓ સિવાયના ૨૫ જિલ્લાઓમાં ધો.૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટેના ઉજજવળ ભવિષ્ય માટે શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત અને શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, કૃષિ અને પશુપાલન વિભાગના સહયોગથી લુણાવાડા ખાતે જિલ્લા કક્ષાનો કારકિર્દી માર્ગદર્શન સેમિનાર ઉચ્ચ શિક્ષણ રાજય મંત્રીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મંત્રી કુબેરભાઇ ડીંડોરએ રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા મહીસાગર જિલ્લાના અને સંતરામપુર તથા આજુબાજુના તાલુકાના વિદ્યાર્થીઓને ઘરઆંગણે સાયન્સનું શિક્ષણ મળી રહે તે માટે સંતરામપુર ખાતે સાયન્સ કોલેજ કાર્યરત કરી ઓનલાઇન પ્રવેશ પ્રકિયા પણ શરૂ થઇ ગઇ છે. ત્યારે તેમાં વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવાનું જણાવી આ કોલેજમાં કેમેસ્ટ્રી, ફીઝીકસ અને બાયોલોજી માટેના અનુભવી અધ્યાપકોની પણ નિમણૂંક કરી દેવામાં આવી હોવાનું કહ્યું હતું.

ડીંડોરએ વિદ્યાર્થીઓને શીખ આપતાં કહ્યું કે, વિદ્યાર્થીઓએ વર્તમાન ટેકનોલોજીના યુગમાં ટેકનોલોજી સાથે કદમ મીલાવતા રહેવું પડશે. તેમણે વધુમાં વિદ્યાર્થીઓને પોતાનો સ્ટાર્ટ અપ ચાલુ કરી જોબ સીકર ન બનતાં જોબ ગીવર બનવા પણ સુચવ્યું હતું.

ડીંડોરએ વિદ્યાર્થીઓને પોતાને અનુકૂળ અને રૂચિ હોય તેવા વિષયને જ પોતાનો વ્યવસાય બનાવવો જોઈએ તથા ભવિષ્યમાં ખુબજ માંગ હોય તેવા વિષયોને પસંદ કરવા પર ખાસ ભાર મુકી યુવાનોને આંતર્પ્રેન્યોર્શીપ તેમજ સંશોધન જેવી પ્રવૃતિઓમાં રસ દાખવીને કારકિર્દી બનાવે તે માટે માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કર્યાં હતાં.

કારકીર્દી માર્ગદર્શન સેમિનારના મુખ્ય તજજ્ઞ વકતા આશુ મનચંદાએ વિદ્યાર્થીઓને કારકીર્દી ઘડતર માટે રાજયમાં ઉપલબ્ધ વિવિધ અભ્યાસક્રમો અંગેની વિગતવાર જાણકારી આપી વિદ્યાર્થીઓને એક–બીજાનું આંધળું અનુકરણ ન કરતાં પોતે જે ક્ષેત્રમાં આગળ વધી શકે તેમ હોય તે જ ક્ષેત્રમાં આગળ વધવું જોઇએ તેમ જણાવી વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી માર્ગદર્શન આપી ઉજજવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે લુણાવાડાના ધારાસભ્ય જીજ્ઞેશભાઇ સેવક, શહેર અગ્રણી હિમાંશુ શાહ, જિલ્લા શિક્ષણાધિકારી પી. એન. મોદી, જિલ્લા બાળ કલ્યાણ સમિતિના ચેરમેન મહેન્દ્રભાઇ પટેલ, પશુપાલન અધિકારી, ખેતીવાડી અધિકારી, આદર્શ વિદ્યાલયના ટ્રસ્ટી કિરીટભાઇ પંડયા, એસ.વી.એસ. અમરીશભાઇ પટેલ સહિત ધો. ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સંતરામપુરના ગઢ ગામે પુત્રએ લોખંડનો દસ્તો મારી પિતાની હત્યા કરી

સંતરામપુર,
ગઢ ગામે પુત્રએ જ તેના પિતાને મોતને ઘાટ ઉતારી દેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. બુગડ ગામે રહેતા વૃદ્ધ દંપતિ દેવાભાઈ ડામોર, પત્નિ રેશમબેન ડામોર રાતે ગુલાબભાઈ ડામોરના મકાનની અગાસી ઉપર સુતા હતા ત્યારે રાતે બે વાગ્યે તેમનો પુત્ર છગન હાથમાં લોખંડનો જાડો દસ્તો લઈ અગાસી પર આવ્યો અને કહેવા લાગેલ કે તમે મારા ઘરે કેમ સુતા નથી તેમ કહી આવેશમાં આવી જઈને પુત્ર છગને તેમના પિતાના માથામાં લોખંડનો દસ્તો મારી દીધો હતો. તેમજ તેની માતા રેશમબેનને પણ ઈજાઓ પહોંચાડી હતી. માતા/પિતાને લોહિલુહાણ હાલતમાં મુકીને પુત્ર છગનભાઈ ત્યાંથી નાસી છુટ્યો હતો. ગંભીર ઈજાઓ થતાં દેવાભાઈ ડામોરનુ મોત નીપજયું હતુ. માતા રેશમબેનને ઈજાઓ પહોંચાડતા તેઓને હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ બાબતે સંતરામપુર પોલીસે હત્યારા પુત્ર છગન ડામોર વિરુદ્ધ ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી છે.

# સંતરામપુર બુગડ ગામે પિતાની હત્યા કરી ફરાર થયેલ પુત્રને પોલીસે ઝડપ્યો

સંતરામપુર,
સંતરામપુર તાલુકાના બુગડ ગામે પુત્ર પિતાની હત્યા કરીને ફરાર થઈ ચૂકયો હતો. સંતરામપુર પોલીસે ગણતરીના કલાકોમાં જ લોકેશનના આધારે ઝડપી પાડયો હતો. સંતરામપુર તાલુકાના બુગડ ગામની ઘટના સંતરામપુર તાલુકાના ચકચાર મચી ગઇ ઘટના પુત્ર પિતાની લોખંડનો દોસ્તો માથામાં અને છાતીમાં મારીને તને ઘાટ ઉતારી હતી. આ ઘટના બનતા જ સંતરામપુર પોલીસે હત્યાનો ગુનો દાખલ કરેલો હતો. પિતાની હત્યા કરીને પુત્ર ફરાર થઈ ચૂક્યો હતો. પોલીસ તેની સતત શોધખોળમાં લાગી ચૂકી હતી. ચારે બાજુ પોલીસ પેટ્રોલિંગ અને પૂછપરછ અને લોકેશનના આધારે પોલીસે તેને પિતાની હત્યા કરનાર



પુત્રની ગણતરીના સમયમાં ઝડપી પાડયો હતો. પોલીસે તેને ગુનો દાખલ કરીને આગળની તપાસ હાથ ધરવામાં આવેલી હતી. આવી ઘટના બનતા જ પરિવારોમાં અને ગામની અંદર અજંપો છવાઇ ગયો હતો. સંતરામપુર પી.આઈ પી.એસ.આઇ પોલીસ સ્ટાફ લોકેશનની મદદથી તેને ઝડપી પાડવામાં આવેલો હતો.

(પાન નં.૧ નું ચાલુ)

## મુસેવાલાના મર્ડરના.....

ગામની કોઈ વ્યકિતએ ઘાયલ મુસાવાલાને હોસ્પિટલ લઈ જવાનો પ્રયત્ન ના કર્યો. કોઈ ઘરની બહાર ના આવ્યું. એક અજાણ્યો વ્યક્તિ તેની બાઈક પર મુસેવાલાને લઈને હોસ્પિટલ પહોંચ્યો. ત્યા ડોકટર્સે તેને મૃત જાહેર કર્યો હતો.

સાક્ષી પ્રિન્સના જમાવ્યા પ્રામણે આખી દુનિયાને ખબર પડી ગઈ કે મુસેવાલાની હત્યા થઈ ગઈ છે. ત્યારપછી માનસા પોલીસ ઘટના સ્થળે પહોંચી. ઘટનાના અંદાજે ૧ કલાક પછી પોલીસ આવી હતી. પ્રિન્સનું કહેવું છે કે, જો પોલીસ તુરંત એક્ટિવ થઈ ગઈ હોત તો કદાચ આરોપીઓ માનસા બહાર ના જઈ શક્યા હોત.

પ્રિન્સે જણાવ્યું કે, એક યુવકે ચેક્સ શર્ટ પહેરેલો હતો. તેની પાસે છદ્મ ૪૭ હતી. તે જ યુવકે મુસેવાલા પર ગોળીઓ ચલાવી હતી. બાકી ૬ યુવકોએ તેની આજુ બાજુ ગોળીઓ ચલાવીને તે ગાડીની બહાર ના નીકળી શકે અને ડર ઉભો થાય તેવું કર્યું હતું. એક યુવકે ઘટના સ્થળે પર વીડિયો બનાવવાનો પ્રયત્ન કર્યો તો તેના ઉપર પણ ગોળી ચલાવવામાં આવી હતી. ડરીને તે યુવક ત્યાંથી ભાગી ગયો હતો.ૅ

દરમિયાન હવે મુસેવાલાના પિતા બલકૌર સિંહે મુખ્યમંત્રી ભગવંત માનને હાઈકોર્ટના સીટીંગ જજ દ્વારા તપાસ કરાવવા વિનંતી કરી છે. તેમનું કહેવું છે કે પંજાબ સરકારે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન અને નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીને પણ તપાસમાં સામેલ કરવી જોઈએ.

મુસેવાલાની હત્યાને ગેંગવોર સાથે જોડવા બદલ પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) પાસેથી જાહેરમાં માફી માંગવાની પણ માંગ કરી હતી. જણાવી દઈએ કે મુસેવાલાના પરિવારજનો મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવવા તૈયાર નથી. મુખ્ય પ્રધાન ભગવંત માનને લખેલા પત્રમાં, બલકૌર સિંહે આ ઘટના માટે આમ આદમી પાર્ટી સરકારની કથિત અસમર્થતાને જવાબદાર ઠેરવી હતી.

સિંહે પત્રમાં લખ્યું છે કે શુભદીપની માતા મને પૂછી રહી છે કે તેનો પુત્ર ક્યાં છે અને તે ક્યારે પાછો આવશે. હું શું જવાબ આપું? મને આશા છે કે ન્યાય મળશે. તેમણે કહ્યું કે જે અધિકારીઓએ તેમના પુત્રની સુરક્ષાની સમીક્ષા કરી અને સુરક્ષા પાછી ખેંચવાનો આદેશ જાહેર કર્યો તેઓને જવાબદાર ઠેરવવા જોઈએ.

આ મામલે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને કહ્યું કે તેમની સરકાર પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને સિદ્ધુ મુસેવાલા હત્યા કેસની તપાસ સીટિંગ જજ દ્વારા કરાવવાની વિનંતી કરશે. રાજ્ય સરકાર આ જઘન્ય અપરાધના ગુનેગારોને ન્યાયાલયમાં લાવવામાં કોઈ કસર છોડશે નહીં.મુખ્યમંત્રીએ કહ્યું કે રાજ્ય સરકાર આ તપાસ પંચમાં એનઆઈએજેવી કેન્દ્રીય એજન્સીને સંપૂર્ણ સહકાર આપશે. સુરક્ષામાં ખામી અને જવાબદારીના પાસાઓ પર ઉચ્ચ સ્તરે તપાસના આદેશ આપવામાં આવ્યા છે.દરમિયાન હવે મુસેવાલાના પિતા બલકૌર સિંહે મુખ્યમંત્રી ભગવંત માનને હાઈકોર્ટના સીટીંગ જજ દ્વારા તપાસ કરાવવા વિનંતી કરી છે. તેમનું કહેવું છે કે પંજાબ સરકારે સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન અને નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીને પણ તપાસમાં સામેલ કરવી જોઈએ. મુસેવાલાની હત્યાને ગેંગવોર સાથે જોડવા બદલ પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) પાસેથી જાહેરમાં માફી માંગવાની પણ માંગ કરી હતી.

# કડાણા પાનમ પુરવઠા વિભાગ દ્વારા દુષિત પાણી પીવા લોકોને મજબુર કર્યા : કલોરીનના અભાવે દુષિત પાણી

દિવડાકોલોની,
કડાણા પાણી પુરવઠા વિભાગ દ્વારા વિતરણ કરાતુ દુષિત અને દુર્ગંધ મારતુ પાણી પીવાલાયક ન હોય લોકોને મજબુરીમાં પીવાના પાણી માટે રઝળપાટ કરવાનો વારો આવી રહ્યો છે જયારે પાણી પુરવઠા વિભાગ દ્વારા જણાવાયુ છે કે, આગામી બે દિવસ સુધી આ જ પાણી વિતરણ કરાશે.

સંતરામપુર પાણી પુરવઠા વિભાગ દ્વારા કડાણા જુથ પાણી પુરવઠા યોજના હેઠળ જિલ્લાના સંતરામપુર અને કડાણા તાલુકાના ૧૮૦ ગામોમાં પાણી વ્યવસ્થા કરાઈ છે ત્યારે પાછલા એક અઠવાડિયાથી પાણી પુરવઠા વિભાગ દ્વારા વિતરણ કરવામાં આવતુ પાણી શુદ્ધિકરણ કરવામાં નથી આવી રહ્યુ જેના કારણે લોકો દુષિત અને દુર્ગંધ મારતુ પાણી પીવા માટે લોકો મજબુર બન્યા છે. પાણી પુરવઠા વિભાગમાં કલોરિન ગેસ પુરો થતા પાછલા એક સપ્તાહથી દુષિત તથા દુર્ગંધ યુકત પાણી પીવડાવી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરવામાં આવી રહ્યા છે. જેને કારણે લોકોમાં પાણી જન્ય રોગચાળો ફેલાય તેવી શકયતાને નકારી શકાય તેમ નથી. પાણી પુરવઠા વિભાગની આવી લાપરવાહીના કારણે લોકો ગંભીર બિમારીની ઝપેટમાં આવે તેવી પુરી સંભાવનાઓ છે. ત્યારે આ સમસ્યાનુ તાત્કાલિક નિરાકરણ લાવવાની જગ્યાએ પાણી પુરવઠા વિભાગના દિનેશભાઈ રાવલે જણાવ્યુ હતુ કે, બે દિવસ રજા છે એટલે ગાડી મંગાવી ગેસ ભરાવવાની વ્યવસ્થા કરવા માટે કોન્ટ્રાકટરને જણાવી દીધુ છે. તેમ જણાવી પોતાની જવાબદારીમાંથી છટકી રહ્યા હોવાનુ જોવા મળ્યુ હતુ.

## આપની આજ.......

મેષ : પરિવારમાં કોઈ શુભ કામનું આયોજન કરવામાં આવે તેવી સંભાવના છે. લગ્ન કરવા માગતા વ્યક્તિની વાત આગળ વધી શકે છે. રોજગારી મેળવનારા યુવાનોને સફળતા મળશે. જીવનસાથી તરફથી ભેટો મળવાની સંભાવના છે.

વૃષભ : આજે સખત મહેનતની સ્થિતિ ઓછી રહેશે, તેનાથી વિપરિત મહત્વાકાંક્ષા વધારે રહેશે. નાની બાબતોમાં ઘરનું વાતાવરણ ઉગ્ર બની શકે છે. બાળકોની જીદને લીધે ચિંતા થઈ શકે છે.

મિથુન : લાંબા સમયથી મિત્ર સાથેનો તણાવ સમાધાનના સ્તરે સમાપ્ત થશે. તમને આમાં રાહત મળશે ત્યાં તો કોઈ ઉપયોગી વ્યક્તિનો તમારા જીવનમાં પાછા આવવાનો આનંદ પણ રહેશે. આર્થિક બાજુ સારી રહેશે અને દૈનિક વેપારીઓને ધનનો લાભ મળશે.

કર્ક : આજીવિકાના ક્ષેત્રમાં તમારા અનુભવને અન્ય લોકો પણ જાણવા લાગ્યા છે, થોડા દિવસો પછી નવી તકો પણ મળી શકે છે. જો વ્યવસાય સામાન્ય હોય તો પણ તેમની પોતાની ભૂલોને લીધે તેઓ તેમના લાભથી વંચિત રહેશે.

સિંહ : આજે દરેક કાર્યમાં વિજયનો દિવસ રહેશે, પરંતુ આ સમય માટે યોગ્ય રીતે ઉપયોગ કરવો પડશે. પિતાના માર્ગદર્શનથી ઘરની સમસ્યાઓ ક્ષેત્રે ઉકેલાશે. સાસરા પક્ષ તરફથી સંબંધો સૌહાર્દપૂર્ણ બનશે અને તેમને ટેકો પણ મળશે.

કન્યા : તમારા મતે કાર્યકારી વાતાવરણમાં સુધારો થશે અને સાથીદારોના સહયોગથી પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થશે. આરોગ્ય સારું રહેશે, છતાં ભીડવાળી જગ્યાઓ પર જવાનું ટાળો. જો તમારા પૈસા કોઈ યોજના અથવા યોગ્ય રોકાણ માટે ખર્ચ કરવામાં આવે તો તે વધુ સારું રહેશે, નહીં તો તમારે પૈસા જ્યાં છે તે સુરક્ષિત રાખવા જોઈએ.

તુલા : વ્યવસાયમાં અગાઉ લેવાયેલા નિર્ણયો આજે સાર્થક થઈ શકે છે, તેથી નફાની પરિસ્થિતિઓમાં વિકાસ થશે. વિદેશી કંપની સાથેની વ્યવસાયિક ભાગીદારી માટે સમય સારો છે.

વૃશ્ચિક : આજે ભાઈઓ સાથે મર્યાદિત વર્તન કરવું સારું રહેશે, નહીં તો થોડો માનસિક ત્રાસ આવી શકે છે. પારિવારિક વાતાવરણ સામાન્ય રહેશે પરંતુ ખુશીની ક્ષણમાં ઉદાસી રહેશે. સ્વાસ્થ્યમાં થોડી નરમાઈ રહેશે.

ધનુ : તમારે વ્યાવસાયિક કાર્યમાં વધુ કામ કરવું પડશે, નહીં તો તમારા હિસ્સાનો બીજાને પણ ફાયદો થઈ શકે છે, બેદરકારી ટાળો. ક્ષેત્રમાં રોકાણ કરવાથી પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવામાં મદદ મળી શકે છે અને સારું વળતર પણ મળી શકે છે.

મકર : આજનો દિવસ સફળ છે, પરંતુ તમારી વાણી અને વર્તનને સંતુલિત રાખવો મહત્વપૂર્ણ છે. માત્ર ઓછા નફાને સંતોષ આપીને દિવસનો લાભ લઈ શકાય છે, નહીં તો વધારે લાભની તકમાં ચર્ચા થઈ શકે છે અને મામલો પણ હાથમાંથી નીકળી શકે છે.

કુંભ : આજે દિવસની શરૂઆતમાં તમે જે કામથી ઉત્સાહ સાથે કરશો તે પછી પૂર્ણ થશે. કોઈ માનસિક મૂંઝવણ અથવા ડરને લીધે તમારું સ્વાસ્થ્ય સારું નહીં રહે અને કામ ધીમું પડશે. ક્ષેત્રના સ્પર્ધકો તમારા કામના ભાગને છીનવી લેવા માટે તમામ પ્રયત્નો કરશે.

મીન : આજનો દિવસ તમારી વિચારસરણીનો બરાબર વિરોધી રહેશે, તમે વિચારશો અને કંઈક જુદું હશે. ધંધામાં જૂની યોજનાઓથી પૈસામાં ફાયદો થશે, પરંતુ નબળા નસીબના કારણે તમને થોડીક અછતનો અનુભવ થશે. દૈનિક વેપારીઓને કોન્ટ્રાક્ટ ઉપલબ્ધ થવાની અપેક્ષા છે. પ્રેમ જીવનમાં તમને ભેટો અને સન્માન પ્રાપ્ત થશે.

દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# ગરબાડા ગૌરક્ષકો દ્વારા ૧૨૦ કિલો માંસનો જથ્થો પકડી પાડવામાં આવ્યો અને પોલીસને જાણ કરવામાં આવી



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડા પોલીસ મથકની સામે જ ફકીર મહમદ સબૂર શેખ ના મકાનમાં જાહેરમાં વિના રોકટોક ફુલ બહારમાં જાહેરમાં માસ વેચાણનો ધંધો ચાલી રહ્યો છે. તારીખ તારીખ ૩૦મીના રોજ ગૌરક્ષક દળ દ્વારા આ મકાનમાં છાપો મારી અને ૧૨૦ જેટલો મટન નો જથ્થો પકડી પાડી અને પોલીસને ઘટનાની જાણ કરવામાં આવી હતી. પોલીસના આવ્યા બાદ પશુ અધિકારીને બોલાવવામાં આવ્યા હતા અને માંસના જથ્થા નુ સેમ્પલ સુરત ખાતે મોકલવામાં આવ્યો હતો. ખરેખર આ મટન ગૌમાસ છે કે, તે પરીક્ષણ બાદ જ ખબર પડશે. પોલીસ મથકની સામે જ્યાં મટન ના વેચાણનો ધંધો ચાલી રહ્યો છે. તેની બાજુમાં જ તાલુકા પ્રાથમિક શાળા આવેલી છે. જ્યાં હજારો બાળક અભ્યાસ કરવા આવે છે. તેના માનસ પટ પર આની વિપરીત અસર પડતી હોય સ્થાનિક તંત્ર દ્વારા આ બાબતે કડક કાર્યવાહી કરવામાં આવી જોઈએ અને અહીંયા થી જાહેરમાં વેચાતો મટનનો ધંધો કાયમી ધોરણે બંધ થવો જોઈએ તેવી લોકમાંગ ઉઠી છે. અગાઉ પણ આજ સ્થળેથી અનેકવાર મટન પકડાઈ ચૂક્યું છે. આ ઘટના જ્યાં બની ત્યાંથી એક જીવિત ગાય પણ મળી આવી હતી. જોકે, પાછળથી તે ગાયનો માલિક બીજું કોઈ હોય તેને છોડી મૂકવામાં આવી હતી.

ગરબાડાના ઘાંચીવાડ વિસ્તારમાં વહેલી સવારના પશુઓને કતલ કરવા માટે લાવવામાં આવતા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. જેમાં મોટાભાગે ગાયો હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. જે બાબત પણ તપાસનો વિષય બન્યો છે.

# દાહોદના ગમલા ગામે યુવતિને ભગાડી જતાં યુવકના ઘર ઉપર તોડફોડ કરતાં ફરિયાદ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ તાલુકાના ગમલાં ગામમાં યુવક દ્વારા યુવતીને ભગાડી લઈ જતા ધીંગાણું યુવતીના પરિવાર દ્વારા યુવકના પરિવાર જનોના ૧૫ થી વધુ ઘરોમાં તોડફાડ કરી ભારે હંગામો મચાવતા પંથકમાં ચકચાર મચી જવા પામી છે. સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરી છે.

દાહોદ તાલુકાના કતવારા પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં આવેલ ગમલા ગામની ગામતળની યુવતીને ગમલા ગામના નિશાળ ફળિયામાં રેહતો યુવક થોડા દિવસ અગાઉ લઈ નાશી ગયો હતો. જેની જાણ પરિવારને ન થતા થોડા દિવસ પછી છોકરી ઘરે પરત પોતાની મરજી થી આવી જતા પરિવાર દ્વારા પૂછતાંજ કરતા યુવતી દ્વારા કેહવામાં આવ્યું કે હું નિશાળ ફળીયામાં રહેતા અજિત સાથે નાશી ગઇ હતી. ત્યારે યુવતીના પરિવાર યુવકના માતા પિતા સાથે ઝગડો તકરાર કરવાં આવ્યા હતા. ત્યારે સમાજના આગેવાનો ભેગા થઈ સમાધાન કરવા જણાવ્યું હતું. ત્યારે સમાધાનમાં કઈ મેળ ન પડતાં યુવતીના પરિવારજનો ઉશ્કેરાઈ પરત ફર્યા હતા. અને બીજા દિવસે યુવતીના પરિવારજનો એક જૂથ થઈ આશરે ૧૫ થી ૨૦ લોકો તીર કામઠા તેમજ લાકડીઓના મારક હથિયારો લઇ ચિચકારિયો પાડી યુવકના ઘર સહિત પરિવારના આશરે ૧૫ થી વધુ ઘરોને તેમજ ઘરોમાં મુકેલ ટીવીતેમજ ઘરોમાં ચાંદીના દાગીનાને લૂંટી. ઘરના આંગણામાં ઉભા રહેલા મૂંગા પશુઓને મારી નાશી ગયા હતા. ત્યારે દિવસ હોય દિવસે ઘરના માણસોને જેની જાણ થતાં જ તાબડતોબ કતવારા પોલીસને જાણ કરી હતી. જેની જાણ થતાં જ પોલીસ ઘટના સ્થળે પહોંચી જરૂરી કાગળો કરી વધુ તપાસ હાથ ધરી છે.

# દાહોદમાં વર્લ્ડ ટોબેકો ડે નિમિતે ઉજવણી કરાશે

દાહોદ,

રાષ્ટ્રીય તમાકુ નિયત્રણ સેલ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ જિલ્લા પંચાયત દાહોદ દ્વારા WHO એ વર્લ્ડનો ટોબેકો ડે માટે ૨૦૨૨ ની વૈશ્વિક ઝુંબેશની જાહેરાત કરી છે – ‘‘તમાકુઃ આપણા પર્યાવરણ માટે ખતરો’’ તે થીમ પર દાહોદ જિલ્લા ખાતે ઉજવણી કરવામાં આવશે.

આ ઝુંબેશનો ઉદ્દેશ્ય તમાકુની ખેતી, ઉત્પાદન, વિતરણ અને કચરાથી થતી પર્યાવરણીય અસરો અંગે લોકોમાં જાગૃતિ લાવવાનો છે.આ ઝુંબેશનો ઉદ્દેશ્ય પણ તમાકુ ઉદ્યોગના પ્રયત્નોને ‘‘ગ્રીનવોશ’’ કરવા માટે તેની પ્રતિષ્ઠા અને ઉત્પાદનોને પર્યાવરણને અનુકૂળ તરીકે માર્કેટિંગ કરીને ખુલ્લા પાડવાનો હશે. ૮૪ મેગાટન કાર્બન ડાયોક્સાઈડ સમકક્ષ વાર્ષિક ગ્રીનહાઉસ ગેસ યોગદાન સાથે, તમાકુ ઉદ્યોગ આબોહવા પરિવર્તનમાં ફાળો આપે છે અને આબોહવાની સ્થિતિસ્થાપકતા ઘટાડે છે. સંસાધનોનો બગાડ કરે છે અને ઈકોસિસ્ટમને નુકસાન પહોંચાડે છે.

દર વર્ષે તમાકુની ખેતી માટે લગભગ ૩.૫ મિલિયન હેક્ટર જમીનનો નાશ થાય છે.‘‘તમાકુના ઉપયોગ ખાસ કરીને વિકાસશીલ દેશો માટે ખતરનાક છે, કારણ કે તે જ જગ્યાએ મોટાભાગે તમાકુનું ઉત્પાદન થાય છે.’’ તેના લીધે નાજુક ઈકોસિસ્ટમ પર બિનજરૂરી દબાણ ઉભું થાય છે. માત્ર તેટલું જ નહીં તે સીધું આરોગ્ય સાથે પણ સંબંધિત છે.

# દે.બારીયા શહેરના અલંકાર પેટ્રોલ પંપના લુંટના મુખ્ય સુત્રધારો પોલીસના રડાર થી કેમ બહાર છે ???

દે.બારીયા,

દે.બારીયા પેટ્રોલ પંપનું કથીત ખોટું તરકટ રચીને લુંટમાં સામેલ ડાંગરીયા ગામના બળવંતભાઈ સબુરભાઈ સંગાડા એ હાર્દીક રાજેન્દ્ર અગ્રવાલ ઉર્ફે રોમી અગ્રવાલ પાસેથી વ્યાજે નાણાં લીધા હતા અને તે નાણાંનું ચક્રવૃતિ વ્યાજ જડી જતા રોમી અગ્રવાલને નવ લાખ રૂપીયા આપવાના બાકી હતી. તે ૯ લાખ બળવંતભાઈ ખેતર વેચીને રૂપીયા આપી દેવાની બાંહેધારી આપી હતી. ખેતર તો વેચાયુ ના અને કથીત લુંટનો તરકટ રચીને લુંટ અંજામ આપ્યો હતો. લુંટ માંથી ભાગ બટાઉના બે લાખ રૂપીયા સલમાને પોતાના ઘરે મુકયા હતા. તે બે લાખનો કેસ સલમાનના ઘરે થી મળતા સલમાનને આરોપીના શકમાં સળીયા પાછળ ધકેલી દેવાતો હોય તો જે વ્યાજખોર પાસેથી ૯ લાખનો મુદ્દામાલ પોલીસ જપ્ત કર્યો છે. તેમ છતાં આ મુખ્ય સુત્રધારોને પોલીસ કેમ પકડી શકતી નથી. તે એક મોટો પ્રશ્નાર્થ છે. અત્રે ઉલ્લેખનિય છે કે, જે બળવંતભાઈ સબુરભાઈ સંગાડાના નામે રૂપીયા વ્યાજે લીધા હતા. તે બાહોશ પોલીસના સકંજામાં કેમ આવતા નથી અને જે મુદ્દામાલ ૯ લાખ કબ્જે લીધા છે. જેની પાસેથી તેને પોલીસ છાવરી રહી છે શું ? આ સુત્રધારોને છુટો દોર માટે કોઈ લેવડ દેવડની પતાવટ સાથે મીલીભગતનો ખેલ ખેલાતો નથી ને તેવું આમ જનતામાં જોરશોરથી ચર્ચાનો વિષય બનવા પામ્યો છે.

# દાહોદમાં ૨૦૨૨ વિધાનસભાને ધ્યાને લઈ દાહોદ શહેરની કારોબારી સભા યોજાઈ



દાહોદ,

દાહોદ શહેરના પ્રસંગ પાર્ટી પ્લોટ ગોવિંદનગરમાં શહેર કારોબારીની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દાહોદ શહેર અને જિલ્લાના વિવિધ આયામોનાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં દાહોદ ઝોન પ્રભારી ભરતસિંહ સોલંકીએ આવનાર દિવસોમાં કાર્યક્રમો કરવામાં છે. તે કાર્યક્રમોની જાહેરાત કરી હતી અને દાહોદ ઝોન મહામંત્રી કનૈયાલાલ કિશોરીએ વન ડે વન ડીસ્ટ્રાઈક્ટ કાર્યક્રમ વિશે માહિતી આપી હતી. જ્યારે જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખે પોતાના વકતવ્યમાં એક મહત્વની વાત કરી હતી કે, આપડે લોકોને જાગૃત કરવા જોઈએ અને તેમને કેહેવું જોઈએ કેઆપડે ભારતીય છીએ અને જે કરીશું ભારતમાતા માટે કરીશું અને આપડે લોકોની સાથે એવી રીતે સંકલનમાં રેહવું જોઈએ કે, જ્યારે કોઈ પણ ચુંટણી આવે તો આપણે લોકો સામેથી ક્હેવા જોઈએ કે, અમે તમારી સાથે છે. દેશના વિકાસની સાથે છે. તેમને વધુમાં કહ્યું હતું કે યુક્રેન યુધ્ધમાં આપડે અને વિશ્વ એ જોયું કે તિરંગાના લેહરવાથી યુદ્ધ વિરામ થાય આ તાકાત આપડા દેશને નરેન્દ્રભાઈ એ અપાવી છે અને એમના થકી ગુજરાત અને આપડે ગૌરવ લેવું જોઈએ કે એક ગુજરાતીએ દેશને વિશ્વની ફલક ઉપર નામ અપાવ્યું છે. એટલે જ આપડે આવા નેતૃત્વમાં આપડે નિષ્ઠા પૂર્વક જવાબદારી નિભાવી વધુમાં વધુ કાર્યકર્તાઓ જોડીને સંગઠન મજબૂત કરી આવનાર વિધાનસભામાં જિલ્લો જંગી બહુમતી થી ભાજપમય બને તેવી અપેક્ષા રાખી તેમનું પ્રવચન પૂર્ણ કર્યું હતું અને કાર્યક્રમની આભાર વિધિ પીનાબેન શેઠ શહેર મહિલા મોરચાના કરી હતી.

# ગરબાડામાં બે દિવસ પહેલા પરણિતાએ ગળે ફાંસો ખાઈ આપઘાત કરવામાં પિયર પક્ષે પતિ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા નગરમાં બે દિવસ પહેલા એક પરિણીતાએ પોતાના ઘરમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધાનો બનાવ બન્યો હતો. જેમાં ગત રોજ પરિણીતાના પિયર પક્ષ દ્વારા નોંધાયેલી ફરિયાદમાં જણાવ્યા અનુસાર પતિના ત્રાસથી વાજ આવી પરણિતાએ પોતાનું જીવન ટુંકાવ્યું હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

ગત તારીખ ૨૭મી મે ના રોજ ગરબાડા નગરમાં આવેલ મઢી ફળિયામાં રહેતી પ્રવિણાબેન એ પોતાના ઘરમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ સંબંધે પ્રાથમિક તબક્કે પોલીસે જે તે સમયે અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યો હતો. ત્યારે ગતરોજ પરિણીતા પ્રવિણાબેન ના પિયર માંથી શાંતાબેન પ્રતાપસિંહ ચૌહાણ (રહે. વાસિયાડુંગરી, ચૌહાણ ફળિયુ, તા. ધાનપુર જિ.દાહોદ) ના એ ગરબાડા પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા અનુસાર પ્રવિણાબેન અને તેનો પતિ જયેશભાઈ નાનજીભાઈ ભૂરા દ્વારા અવારનવાર શારીરિક તેમજ માનસિક ત્રાસ આપતો હતો અને આવા ત્રાસથી કંટાળી જઈ પ્રવિણાબેન એ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હોવાની ફરિયાદ ગરબાડા પોલીસ મથકે નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડાના નેલસુર ગામે ટ્રેક્ટર ચાલકે ઘર આંગણે સુતેલ વ્યક્તિ ઉપર ચડાવી દેતાં સારવાર દરમિયાન મોત

ગરબાડા,

ગરબાડા તાલુકાના નેલસુર ગામે એક ટ્રેકટરના ચાલકે પોતાના કબજાની ટ્રેક્ટર પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ઘરના આંગણે ખાટલામાં સુઈ રહેલ એક વ્યક્તિ ઉપર ટ્રેકટરની ટ્રોલી ચઢાવી દેતાં સારવાર દરમિયાન વ્યક્તિનું મોત નિપજયાનું જાણવા મળે છે.

ગત તારીખ ૨૮મી મેના રોજ ગરબાડા તાલુકાના નેલસુર ગામે રાઠોડ ફળીયામાં રહેતા હિરેનભાઈ ચીમનભાઈ રાઠોડે પોતાના કબજાના નું ટ્રેક્ટર પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવતો હતો. તે સમયે પોતાના ઘરના આંગણે ખાટલામાં સુઈ રહેલ વાલચંદભાઈ ભુરાભાઈ રાઠોડ ઉપર ટ્રેક્ટરની ટ્રોલીનો પાછળનો ભાગ ચડાવી દઈ શરીરે હાથે–પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેઓને તાત્કાલીક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમ્યાન ગતરોજ વાલચંદ ભાઈનું મોત નિપજતા આ સંબંધે ગરબાડા તાલુકાના નેલસુર ગામે ગામતળ ફળિયામાં રહેતા નરેશભાઈ વાલચંદ ભાઈ રાઠોડે જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડા વિસ્તારમાં આપ પાર્ટી અને બીટીપીની સંયુકત પરીર્વતન યાત્રા ફરી

ગરબાડા,

આમ આદમી પાર્ટી અને ભારતીય ટ્રાઈબલ પાર્ટીની સંયુક્ત પરિવર્તન યાત્રા આજે ૧૬ માં દિવસે ગરબાડા વિધાનસભા વિસ્તારમાં આવી હતી. લગભગ ૩૦૦ બાઈક અને ૫૦ જેટલી ગાડીયો સાથે ધનાર પાટિયા ગામ થી શરૂ થઈ. આ યાત્રા ગાંગરડી બજારમાં પહોચી હતી. ત્યાં પદયાત્રા કરી ગાંગરડી બજારમાં જનતાનો જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો. આપ ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ પ્રો.અર્જુન રાઠવા, આપ ગુજરાત પ્રદેશ સંગઠનમંત્રી જયેશ સંગાડા, આપ દાહોદ જિલ્લા પ્રમુખ ભાનુભાઈ પરમાર, આપ જિલ્લા પ્રભારી રમસુભાઈ હઠીલા, ભારતીય ટ્રાઈબલ પાર્ટી જિલ્લા પ્રમુખ દેવેન્દ્ર મેડા, આપ જિલ્લા સંગઠનમંત્રી મેસુલ માવી, આપ ગરબાડા પ્રભારી હાર્દિક સોલંકી, ગરબાડા વિધાનસભા પ્રમુખ ગોરધનભાઈ મંડોડ, તેમજ ગરબાડા વિધાનસભાના સક્રિય કાર્યકર ગોરચંદભાઈ બારીયાની ઉપસ્થિતિમાં પરિવર્તન યાત્રા ગંગારડી થી ગરબાડા બજારમાં પોહચી હતી. ગરબાડા બજારમાં વેપારીઓ દ્વારા ઠેર ઠેર સ્વાગત કરવામાં આવ્યું. આપ ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ પ્રો.અર્જુન રાઠવાએ જણાવ્યું હતું કે,જનતા હવે જાગૃત થઈ ગઈ છે. વીજળી, પાણી સારૂં શિક્ષણ, સારી આરોગ્ય વ્યવસ્થા, દિલ્હી અને પંજાબનું મોડલ જોઈ અને જનતા પ્રભાવિત થઈ છે.

પાંચવાડા ગામના સરપંચ પદના ઉમેદવાર મહેશભાઈ ગુન્ડિયા, ઉપ સરપંચ પર્વતસિંહ પરમાર તથા ચૂંટાયેલા સભ્ય ગરવાલ ચંદુભાઈ ૫૦ જેટલા સમર્થકો સાથે આજે પ્રદેશ ઉપાધ્યક્ષના હસ્તે આપમાં જોડાયા. જનતાનો ઉત્સાહ જોતા લાગે છે કે, ૨૦૨૨ વિધાનસભા ચૂંટણીમાં પરિવર્તન નિશ્ચિત છે.

# સંજેલી વાંસીયા હરીધામ મંદિર ખાતે કલેકટરના અધ્યક્ષ સ્થાને ગ્રામસભા યોજાઈ

સંજેલી,

સંજેલી તાલુકાના વાંસીયા હરીધામ મંદિર ખાતે જિલ્લા કલેક્ટર અધ્યક્ષ સ્થાને રાત્રિ ગ્રામસભા યોજાઈ હતી. તળાવો ઉંડા કરતા જર્જરિત પી.એચ.સી.કેન્દ્રના ઓરડા તળાવોમાં પાણી રિચાર્જ ચેકડેમ રિપેરીંગ વાંચનાલય આઉટ પોસ્ટ વીજ પુરવઠો સહિતની ગ્રામજનોએ ધારદાર રજુઆત કરી હતી.

સંજેલી તાલુકાના વાંસીયા હરિધામ મંદિર ખાતે જિલ્લા કલેકટર ડો.હર્ષિત ગોસાવી અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીની અધ્યક્ષસ્થાને રાત્રિ ગ્રામસભા યોજાઈ હતી. ગ્રામસભામાં ગ્રામજનો દ્વારા તળાવો ઉંડા કરવા, તળાવમાં રિચાર્જ કરવા, કાયમી વીજપુરવઠો, ચેકડેમ, નલ સે જલ યોજનામાં પાણી સહિતની રજુઆતો કરવામાં આવી હતી. જિલ્લા કલેકટર દ્વારા ૧૫માં નાણાંપંચ અથવા તો અન્ય યોજનામાં આયોજનમાં આડેધડ બોર મોટરના કામો બંધ કરવા ટકોર કરી આનાથી પાણીના સ્તર નીચે જાય છે સાથે સાથે આ આયોજનમાં ઘરની પાછળ તો બીજા આયોજનમાં ઘરની આગળ આવા આડેધડ બોર મોટરના આયોજન પણ બંધ કરવા ટકોર કરી હતી. યોગ્ય ઉપયોગ થાય તેવા સાર્વજનિક કામ કરો અને આયોજન સમજપુર્વક કરો.

છેલ્લા ત્રણ માસથી વાંસીયા ગામે રાત્રિના સમયે દરરોજ બે થી ત્રણ કલાક વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવે છે. તે બાબતે વીજ કર્મચારીની ગોળ ગોળ વાત બંધ કરી યોગ્ય વીજ પુરવઠો આપવા જિલ્લા વિકાસ અધિકારીની ટકોર, વાંસીયા ગ્રામ પંચાયતમાં બનાવેલા ચેકડેમો ચોમાસામાં પાણી નથી આવ્યા છે જો ચોમાસામાં પાણી ન રોકાય તો આ ચેકડેમમાં શિયાળુ/ઉનાળામાં પાણી રોકવાની વાત જ કયાં...વાંસીયા ખાતે આવેલા પી.એચ.સી. કેન્દ્રના જર્જરિત ઓરડા તોડી પાડી નવા બનાવવા માટે રજુઆત પણ કરાઈ હતી. નલ સે જલ યોજના હેઠળ ઘરે ઘરે નળ કનેકશન તો આપી દીધા છે. નળ કનેકશનો તુટવા લાગ્યા છે.તેમ છતાં પણ હજુ સુધી પાણી આવ્યુ નથી. અગાઉ પણ પાણી પુરવઠા યોજના હેઠળ ગામમાં પાણીનો સંપ બનાવવામાં આવ્યો હતો અને ઘરે ઘરે નળ કનેકશન આપવામાં આવ્યા હતા. પંદર વર્ષ પુર્ણ થયા છતાં પણ એક ટીપુ પણ પાણીનુ આવ્યુ નથી.

# ગોધરામાં બિયારણ અને જંતુનાશક દુકાનો ઉપર વડોદરા ખેતી નિયામક ટીમ દ્વારા તપાસ

ગોધરા,

આગામી ચોમાસામાં ખેડુતોને ગુણવત્તાસભર અધિકૃત બિયારણ, ખાતર અને જંતુનાશક દવા ઉપલબ્ધ થઈ શકે તે હેતુથી સંયુકત ખેતી નિયામક (વિસ્તરણ) વડોદરા વિભાગ દ્વારા ત્રણ દિવસ દરમિયાન આંતર જિલ્લામાં સ્કવોડ બનાવી ડિલરો અને એજન્સીઓને ત્યાં નિયમોનુસાર ચકાસણીની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

જે અંતર્ગત તા.૨૬મીએ પંચમહાલ જિલ્લામાં કુલ ૨૭ ડીલરો અને એજન્સીઓની ચકાસણી કરવામાં આવી હતી. જેમાં બિયારણના ૧, ખાતરના ૨, અને જંતુનાશક દવાના ૧ નમુનાઓને લઈ પ્રયોગશાળામાં ચકાસણી અર્થે મોકલી આપવામાં આવ્યા હતા. તેમજ બિયારણના ૨, ખાતરના ૩, અને જંતુનાશક દવાના ૧ મળી કુલ ૬ વિક્રેતાઓને નોટિસ આપવામાં આવી હતી. અંદાજિત રૂ.૨.૫૨ લાખનો ૧૩૦ કિ.ગ્રા.બિયારણનો જથ્થો અટકાવવામાં આવ્યો હતો. ખેતીવાડી તંત્ર દ્વારા ખેડુતોને બિયારણ, રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાની ખરીદી કરતી વખતે અનેક બાબતોની ખાસ કાળજી રાખવા અપીલ કરવામાં આવી છે.

# દે.બારીઆમાં ગેરકાયદેસર ઈંટોના ભઠ્ઠાઓ ઉપર કાર્યવાહી હાથ ધરાશે

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકામાં ઠેર ઠેર ઈંટોના ભઠ્ઠા ગેરકાયદેસર રીતે ધમધમતા હોવાની ચર્ચાએ જોર પકડ્યુ છે. જે અંગે મામલતદાર ગીરીશ શાહના જણાવ્યાનુસાર અમારી કચેરી મારફતે દાહોદ જિલ્લા ભુસ્તર વિભાગમાં આ અંગે ખરાઈ કરી કાયદેસરના પગલા લેવા માટે જવાબદાર અધિકારી સાથે મૌખિક વાતચીત થઈ છે.ગેરકાયદેસર રીતે ચાલતા ઈંટોના ભઠ્ઠાઓ ઉપર કાર્યવાહી કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

દે.બારીઆ શહેરની નજીકના ગામડામાં ખેડુતોની ખેતીની જમીનમાં માટી કાઢવાના બહાને ઈંટો પાડવાની શરૂઆત કરનાર કેટલાક પરપ્રાંતિયો ખેડુતોની જમીન સસ્તા દરમાં ભાડા પટ્ટે લઈ ઈંટોના ભોંચ ભઠ્ઠા તો ઠીક પરંતુ ચીમની ભઠ્ઠા પણ ખેતીની જમીનમાં બનાવી દેવામાં આવ્યા હોવાની માહિતી મળી છે. પીપલોદ માતાના વડ અંતેલા તરફ જવાના રોડની નજીક પણ ઈંટોનો ભઠ્ઠો ગેરકાયદેસર રીતે ચાલી રહ્યો હોવાનુ કહેવાય છે.

માટી ખનન માટે સરકારમાં કાયદેસરની રકમ ભરવા પડતી હોય છે જે પછી માટી ખનન થઈ શકે ત્યારે સરકારની તિજોરીને મોટુ નુકસાન આ ઈંટોનો ધંધો કરનારા કરી રહ્યા છે.વગર મંજુરીના ઈંટોના ભઠ્ઠા ગામડામાં ધમધમી રહ્યા છે.

# મધ્યપ્રદેશમાંથી ૭૦૦ કરોડના GST કૌભાંડનો પર્દાફાશ : ગુજરાતના પાંચ વેપારીની ધરપકડ

ભોપાલ,

દેશમાં જીએસટી લાગુ થયાના અંદાજીત પાંચ વર્ષ પછી પણ સિસ્ટમ હજુ ફુલપ્રુફ થઈ શકી ન હોય તેમ મધ્યપ્રદેશમાંથી ૭૦૦ કરોડના જીએસટી કૌભાંડનો પર્દાફાશ થયો છે અને તેમાં ગુજરાતના પાંચ વેપારીઓની ધરપકડ કરવામાં આવી છે. જીએસટી વિભાગના સુત્રોએ કહ્યું કે, બોગસ દસ્તાવેજો-સરનામા તથા બનાવટી ઓળખના આધારે ગુજરાતના કૌભાંડીયાઓ ૫૦૦ જેટલી બોગસ પેઢીઓ ખોલી હતી અને તેના બોગસ બીલોના આધારે ઈનપુટ ટેકસ ક્રેડીટ ઓળવી જવાનું ૭૦૦ કરોડનું કૌભાંડ ખુલ્લુ પડયુ છે. ઈન્દોર સ્થિત સેન્ટ્રલ જીએસટી કમિશ્નરેટ તથા મધ્યપ્રદેશ પોલીસના સાયબર સેલ દ્વારા સંયુકત તપાસ હાથ ધરીને કૌભાંડ ખુલ્લુ પાડવામાં આવ્યું હતું. આરોપીઓએ જુદા જુદા મોબાઈલ નંબરોનો ઉપયોગ કરીને ડીજીટલ વોલેટ મારફત વ્યવહારો કર્યા હોવાનો ખુલાસો થયો છે.

ઈન્દોર સાયબર સેલના ઈન્સ્પેકટર રશિદખાને જણાવ્યું હતું કે બેંકીંગ ચેનલમાંથી છટકબારી સર્જવા માટે કૌભાંડીયાઓ ડીજીટલ વોલેટનો આશરો લીધો હતો. સંખ્યાબંધ ડીજીટલ વોલેટ ખાતા મારફત કરોડોના નાણાકીય વ્યવહારોને અંજામ આપ્યો હતો.

૭૦૦ કરોડના આ કૌભાંડનો પર્દાફાશ થયા બાદ આરોપીઓ ગુજરાતના હોવાનું તપાસમાં ખુલ્યુ હતું તેના આધારે મધ્યપ્રદેશ પોલીસે ગુજરાતમાં ત્રાટકીને પાંચ વેપારીઓની ધરપકડ કરી હતી કૌભાંડના સુત્રધાર તથા તેના સૌથી નજીકના ઈન્દોર જીએસટી વિભાગના અધિકારીઓએ પુછપરછ કરી હતી જયારે અન્ય ત્રણની સાયબર ક્રાઈમ દ્વારા પુછપરછ કરવામાં આવી હતી. આરોપીઓમાં મોબાઈલ ફોન સીમકાર્ડ, બોગસ દસ્તાવેજો, સિકકા તથા બોગસ પેઢીઓના લેટરપેડ કબ્જે કરવામાં આવ્યા હતા. તમામ આરોપીઓની ઉંમર ૨૫ થી ૩૫ વર્ષની હોવાનું બહાર આવ્યું છે.

# દાહોદ ખાતે ABVPનો કાર્યક્રમ યોજાયો

દાહોદ,

ABVP DAHOD દ્વારા દાહોદનાં વિદ્યાર્થીઓમાં રહેલ આંતરિક શકિત બહાર આવે એ માટે તારીખ ૨૭, ૨૮ અને ૨૯ મેં સવારે ૮:૩૦ થી બપોરે ૧૨:૩૦ સુધી ૩ દિવસના Personality Development Camp-2022 યોજાયો. જેમાં પ્રથમ દિવસે ઉદ્દઘાટન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે દાહોદ નગરપાલિકા પૂર્વ પ્રમુખ અને ABVP ના પૂર્વ કાર્યકર્તા અભિષેકભાઈ મેડા તેમજ પંચમહાલ વિભાગ પ્રમુખ મનીષભાઈ સોની વિશેષ ઉપસ્થિત રહ્યા તેમજ પ્રથમ દિવસે ડો.જે.એન.શાસ્ત્રીએ વિદ્યાર્થીઓને GOOD HABITES IN OUR LIFE વિષય પર માર્ગદર્શન આપ્યું. બીજા દિવસે ઈશાક શેખ સર દ્વારા ‘‘Carrier Guidelines’’ અને સંદીપ શાહ દ્વારા ‘‘Time Management Leadership’’ વિષય પર માર્ગદર્શન આપ્યું. તેમજ અંતિમ દિવસે ડો.ઉત્પલ ગણાત્રા સર દ્વારા ‘‘ How developing employability skills of trible youth’’ વિષય પર માર્ગદર્શન આપ્યું હતું. આ સાથે અંતિમ સમાપન સત્રમાં અ.ભા.વિ.પ. પંચમહાલ વિભાગ સંયોજક શિવમભાઈ ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં દાહોદ શહેરના ૬૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

# ચારધામ યાત્રામાં અત્યાર સુધીમાં ૧૦૧ લોકોએ જીવ ગુમાવ્યા

દહેરાદુન,

ચારધામ યાત્રાના દરમિયાન ૧૦૦થી વધુ તીર્થયાત્રિકોના મોત બાદ ઉત્તરાખંડ સરકારે મોટો નિર્ણય લીધો છે. હવે ૫૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને યાત્રા કરતાં પહેલા મેડિકલ ચેકઅપની પ્રક્રિયાથી પસાર થવું પડશે. ઉત્તરાખંડ સ્વાસ્થ્ય વિભાગાના જણાવ્યા અનુસાર યાત્રા ૧૦૧ તીર્થયાત્રિકોનું મોત નીપજ્યું છે. જેમાં કેદારનાથમાં ૪૯, બદ્રીનાથમાં ૨૦ અને ગંગોત્રીમાં ૭ અને યમુનોત્રીમાં ૨૫ લોકોનો સમાવેશ થાય છે.

ચારધામ યાત્રામાં શ્રદ્ધાળુઓના મૃત્યુનો આંકડો ૧૦૦ને વટાવી ગયો છે.કેદારનાથ ધામમાં અત્યાર સુધીમાં સૌથી વધુ ૫૦ શ્રદ્ધાળુઓના મોત થયા છે. ઊંચાઈવાળા વિસ્તારોમાં ઓક્સિજનની અછત અને ઠંડીના કારણે અચાનક કાર્ડિયાક અરેસ્ટ થવાના કારણે મુસાફરો સતત મૃત્યુ પામી રહ્યા છે. આ વખતે ચારધામ યાત્રા ૩ મેથી શરૂ થઈ છે.૨૭ દિવસની યાત્રામાં ચાર ધામમાં અત્યાર સુધીમાં ૧૦૨ યાત્રિકોના મોત થયા છે.રવિવારે જ ત્રણ શ્રદ્ધાળુઓના મોત થયા છે.મૃત્યુને રોકવા માટે આરોગ્ય વિભાગ દ્વારા ૫૦ વર્ષથી વધુ ઉંમરના મુસાફરોની આરોગ્ય તપાસ કરવામાં આવી રહી છે.

જે મુસાફરોને સ્વાસ્થ્ય સમસ્યાઓ છે તેમને મુસાફરી ન કરવાની સલાહ આપવામાં આવી રહી છે. ચાર ધામોના યાત્રાધામોના માર્ગો પર સ્થાપિત તબીબી રાહત કેન્દ્રો પર અત્યાર સુધીમાં ૫૦ વર્ષથી વધુ વયના ૫૫૦૦ થી વધુ લોકોની આરોગ્ય તપાસ કરવામાં આવી છે. જ્યારે આરોગ્ય કેન્દ્રોમાં ૫૭ હજાર મુસાફરોની ઓપીડી કરવામાં આવી છે.

ઊંચાઈવાળા વિસ્તારોમાં હાઈપોથર્મિયા અને ઠંડીને કારણે ઓક્સિજનની અછતને કારણે સ્વાસ્થ્ય સમસ્યાઓ વધી રહી છે.ચારેય ધામોમાં આરોગ્ય સેવાઓ વધુ સારી છે.મુસાફરીના માર્ગો પરના તબીબી રાહત કેન્દ્રો અને આરોગ્ય કેન્દ્રોમાં પૂરતા ડોકટરો, દવાઓ અને ઓક્સિજનની સુવિધા ઉપલબ્ધ છે.યાત્રિકોની તબિયત તપાસ્યા બાદ મુસાફરી કરવાની સલાહ આપવામાં આવી રહી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.236

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# શહેરા તાલુકા પંચાયત કચેરીમાં છૂટાહાથની મારામારી

## નાડા ગામ ના સરપંચના પતિ અને માજી સરપંચ સહિત તેમના સમર્થકો વચ્ચે છૂટા હાથની મારામારી

શહેરા,

શહેરા તાલુકા પંચાયત કચેરી ખાતે નાડા ગામના મહિલા સરપંચના પતિ તેમજ માજી સરપંચ સહિત અન્ય લોકો વચ્ચે છૂટા હાથની મારામારી થતા પોલીસને બોલાવવી પડી હતી. પોલીસ દ્વારા બે પક્ષની ફરીયાદ નોંધવાની તજવીજ હાથધરી છે.

શહેરા તાલુકાના નાડા ગામમાં વિવિધ વિકાસલક્ષી કામો ચાલી રહ્યા હોય ત્યારે નરેગા યોજનાના મસ્ટરો પર ગ્રામ પંચાયત સરપંચના સહિના અંગુઠા તેમજ સરપંચના ખોટા સિક્કા મારવામાં આવી રહ્યા હોવાનું સરપંચ નંદાબેન પટેલને જાણવા મળેલ હોવાથી તેઓ તાલુકા પંચાયત કચેરી ખાતે રજૂઆત માટે ગયા હતા. નાડા ગામના સરપંચ નંદાબેન પટેલએ પોતાના પતિ વાલમસિંહ પટેલને સાથે રાખીને મદદનીશ તાલુકા વિકાસ અધિકારીને નરેગા યોજનામાં પેવર બ્લોક સહિતના કામગીરીના મસ્ટરોમાં સરપંચના ખોટા સહી સિક્કા ગામના રતનસિંહ નાયકા, વણઝારા જયેન્દ્રસિંહ સહિતનાઓ દ્વારા મારવામાં


તસ્વીર : તુષાર દરજી, શહેરા

આવતા હોવાના આક્ષેપ સાથે લેખિતમાં રજૂઆત કરી હતી. જ્યારે તાલુકા પંચાયત કચેરી ખાતે નાડા ગામના સરપંચના પતિ વાલમસિંહ પટેલ અને રતનસિંહ નાયકા વચ્ચે કોઈ કારણસર બોલાચાલી થયા બાદ છુટા હાથની મારામારી શરૂ થતા આ બંનેના અન્ય વ્યકિતઓ પણ ઝગડવા માંડયા હતા. તાલુકા પંચાયત કચેરી ખાતે જે રીતે મહિલા સરપંચના પતિ અને માજી સરપંચ તેમજ અન્ય વ્યકિતઓ વચ્ચે છુટા હાથની મારામારી દસ મિનિટ કરતાં વધુ સમય શરૂ રહેતા કચેરી ખાતે પોલીસ દોડી આવી હતી. પોલીસ દ્વારા સરપંચના પતિ તેમજ માજી સરપંચ સહિતનાઓને પોલીસ મથક ખાતે લઈ જઈને જરૂરી કાર્યવાહી હાથધરી હતી. જ્યારે રેફરલ હોસ્પિટલ ખાતે માજી સરપંચ રતનસિંહ નાયકા, દિલીપ નાયકા તેમજ સરપંચ નંદાબેન વાલમસિંહ પટેલ, વાલમ મગનભાઈ પટેલ સારવાર અર્થે દાખલ થયા હતા. માજી સરપંચ નાયકા રતનસિંહ એ જણાવ્યું હતું કે, અમારા દ્વારા કોઈ સરપંચના સિક્કા કે સહી કરવામાં આવી નથી અને ગામમાં વિકાસના કામો અમારા દ્વારા કરવામાં આવતા હોવાથી સરપંચ દ્વારા અમારા પર ખોટા આક્ષેપો કરવામાં આવ્યા છે.

જ્યારે પોલીસ દ્વારા બન્ને તરફની ફરિયાદ નોંધવાની તજવીજ હાથધરી હતી. જોકે, તાલુકા પંચાયત કચેરી ખાતે ગામના મહિલા સરપંચના પતિ તેમજ માજી સરપંચ સહિત તેમના સમર્થકો વચ્ચે છુટા હાથની મારામારી થઈ હોવાનો વિડીયો વાયરલ થવા સાથે લોકોમાં ભારે ચર્ચાનો મુદ્દો આ બની જવા પામ્યો હતો.

> નાડા ગામે નરેગા યોજનાના કામોના મસ્ટરો ઉપર મહિલા સરપંચના સહીના અંગુઠા અને સરપંચના ખોટા સિકકા મારવામાં આવી રહ્યા હોવાની રજુઆત માટે શહેર તાલુકા વિકાસ અધિકારીને પહોંચીને માજી સરપંચ રતનસિંહ નાયકા અને જયેન્દ્રસિંહ વણઝારા દ્વારા આક્ષેપ સાથે લેખિત રજુઆત કરાઈ હતી. જેને લઈ મહિલા સરપંચના પતિ અને પૂર્વ સરપંચ છુટા હાથે મારામારી થઈ પોલીસ સ્થળ ઉપર પહોંચી મામલો થાળે પાડયો.

> નરેગા યોજનામાં મોટા પ્રમાણમાં જીલ્લામાં ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે અને તેના અનેક રજુઆતો પણ અવારનવાર થતી હોય છે. પરંતુ નાડા ગ્રામ પંચાયતમાં સરપંચની જાણ બહાર તેમની સહી અને સિકકાના ઉપયોગ માજી સરપંચ અને મળતીયા દ્વારા થઈ રહ્યો હોવાના આક્ષેપ થયા છે. ત્યારે તપાસ થવી જરૂરી છે.

## ગોધરા કલેકટર કચેરીના સભાખંડમાં યોજાયો પી.એમ. કેર કાર્યક્રમ

ગોધરા,

આપણા લોકલાડીલા માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૨૯ મે ૨૦૨૧ ના રોજ જાહેરાત કરી હતી કે, કોરોના સમયગાળા દરમિયાન જે બાળકોએ પોતાના માતા પિતાની છત્રછાયા ગુમાવી હોય તેવા બાળકોને પી.એમ.કેર ફોર ચિલ્ડ્રન ફંડ હેઠળ સહાયતા આપવામાં આવશે તેના અનુસંધાને આજ રોજ ગોધરા સેવા સદન કલેકટર કચેરી ખાતે કલેકટર સુજલ મયાત્રા, જિલ્લા પ્રમુખ કામિનીબેન સોલંકી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી જે.પી.પંચાલ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી જે.એચ. લખારા સાથે વિવિધ સબંધીત અધિકારીઓની ઉપસ્થિતિમાં પી.એમ.કેર ફોર ચિલ્ડ્રન કાર્યક્રમ યોજાયો હતો. આ યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લાના બે લાભાર્થી બાળકોને ચાવીરૂપ દસ્તાવેજો સુપરત



કરવામાં આવ્યા હતા. જેમાં માનનીય પ્રધાનમંત્રી તરફનો પત્ર, સ્નેહ પત્ર, પાસબુક, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનું કાર્ડ આપવામાં આવ્યું હતું. આ અંતર્ગત પંચમહાલ જિલ્લાના બંને બાળકોને નીચે મુજબના લાભ મળવા પાત્ર થાય છે જેમાં બાળકની અઢાર વર્ષની ઉંમર થાય ત્યાં સુધી કેન્દ્ર સરકારની સ્પોન્સરશિપ યોજના અંતર્ગત માસિક ૨૦૦૦ રૂપિયા સહાય આપવામાં આવશે, જિલ્લાના બંને બાળકો પૈકી એક બાળકને મુખ્યમંત્રી બાળ સેવા યોજનામાં રૂપિયા ૪૦૦૦ અને બીજા બાળકને પાલક માતાપિતા યોજના અંતર્ગત ૩૦૦૦ રૂપીયાનો લાભ મળે છે. અનાથ થયેલ બાળકને એકસ ગ્રેસીયા સહાય અંતર્ગત રૂપિયા ૫૦ હજારની સહાય ચુકવવામાં આવી છે. બંને બાળકોને આયુષ્યમાન ભારત યોજના હેઠળ પણ આવરી લેવામાં આવ્યા છે.

આ યોજના હેઠળ લાભ મેળવવા માટે બાળકે માતા પિતાના દેહાંતની તારીખે ૧૮ વર્ષ પૂર્ણ કર્યા ન હોય તેવા બાળકોને લાભ મળ્યો છે. આ યોજનાનો ઉદ્દેશ્ય એવા બાળકોની વ્યાપક સંભાળ અને રક્ષણ સુનિશ્ચિત કરે છે જેમણે કોરોના રોગચાળાના કારણે પોતાના માતાપિતા ગુમાવ્યા છે. આવા બાળકોને આરોગ્ય વિમા દ્વારા એમની સુખાકારીને સક્ષમ બનાવવા અને શિક્ષણ દ્વારા સશક્ત બનાવવા તથા તેમને આત્મનિર્ભર અસ્તિત્વ માટે સજ્જ કરવા. આ સાથે ૨૩ વર્ષની ઉંમરે પહોંચવા પર નાણાકીય સહાય સાથે ભીમ કેર ફોર ચિલ્ડ્રન સ્કીમ અન્ય બાબતો સાથે આ બાળકોને કન્વર્ઝન્ટ અભિગમ, શિક્ષણ, આરોગ્ય ૧૮ વર્ષની ઉંમરથી માસિક સ્ટાઈપેન્ડ અને ૨૩ વર્ષની ઉંમરે પહોંચવા પર ૧૦ લાખ રૂપિયા સહાય ચૂકવવામાં આવશે. આ સાથે આવા બાળકોને અઢાર વર્ષની ઉંમર સુધી આયુષ્યમાન ભારત યોજના હેઠળ આરોગ્ય વીમો આપવામાં આવશે. ૧૦ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને સેન્ટ્રલ સ્કૂલ અથવા ખાનથ શાળામાં દાખલ કરવામાં આવશે. જો બાળકને ખાનગી શાળામાં પ્રવેશ અપાય છે તો આર ટી આઈના નિયમો હેઠળ આવરી લેવાશે જેમાં યુનિફોર્મ અને પુસ્તકોનો ખર્ચ પણ આ યોજના ભોગવશે.

આજે આ યોજના કોવિડ મહામારીમાં પોતાના માતાપિતા ગુમાવનાર બાળકો માટે આશીર્વાદ સમાન બની છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આજે સરકાર ની વિવિધ યોજનાઓ થકી હજારો બાળકોને લાભ મળ્યો છે.

## હાલોલ તાલુકાના કાટડીયા ગામના લાભાર્થીને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મળ્યું પોતાના સ્વપનાનું ઘર

ગોધરા,

દરેક પરિવારને પોતાના ઘરનું સ્વપ્ન હોય છે. ગરીબ અને મધ્યમ વર્ગને પોતાનું ઘર મળી રહે તે માટે કેન્દ્ર તેમજ રાજ્ય સરકારનો ઉમદા અભિગમ રહેલ છે. જેના ભાગરૂપે કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અમલમાં મુકેલ છે. ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં તેનો અસરકારક રીતે અમલ કરાઈ રહયો છે. ગરીબ અને મદયમ વર્ગના પરિવારોને આ યોજનાનો લાભ આપવામાં આવે છે. આ યોજનાનો લાભ મળતાં ગરીબ અને મદયમ વર્ગના પરિવારોને પોતાના ઘરનું સ્વપન સાકાર થાય છે સાથે સાથે તેમનો આર્થિક ઉત્કર્ષ થાય છે.આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨ માં પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના કાટડીયા ગામના પ્રવિણભાઈ જીવણભાઈ મેઘવાળને પોતાના ઘરનું સ્વપન સાકાર થયું છે. સાથે સાથે તેમણે પ્રધાનમંત્રીની ગરીબ કલ્યાણ લક્ષી યોજનાઓનો પણ લાભ મળેલ છે.

પ્રવિણભાઈ મેઘવાળએ જણાવ્યું કે હું અને મારો પરિવાર પહેલા કાચા ઝુપડામાં રહેતા હતાં તેમા ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. જેમાં શિયાળામાં ઠંડી, ઉનાળામાં ગરમી અને ચોમાસામાં વરસાદ વાવાઝોડાથી ઘણી વાર મધરાતે વરસાદ આવતા ઘરમાં ચુવા પડતા રાત્રીના ઉજાગરા કરવા પડતા હતા. આવી ઘણી મુશ્કેલીઓ પડતી તેમજ અમારો વિસ્તાર ઝાડી ઝાંખરાથી ઘેરાયેલ હોય વન્ય પ્રાણીઓ અને ઝેરી જીવ જંતુઓનો પણ ભય કાયમ સતાવતો હતો. તેમણે સરકારનો આભાર વ્યકત કરતા જણાવ્યુંકેઅમારા જેવા ગરીબ ગ્રામીણો માટે રહેવાનું પાકું છત્ર મળ્યું તથા મને વર્ષ ૨૦૨૧-૨૨ માં સરકાર દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ અરજી કરતાં મને મકાન બનાવવા રૂા. ૧,૨૦,૦૦૦/- ની સહાય મળી તે માંથી મે મારાં ઝુપડાંના સ્થાને નવીન સુંદર પાકું મકાન બનાવ્યું છે.

## નવી દિશા નવુ ફલક વિષય પર ગોધરા કલરવ સ્કુલ ખાતે જીલ્લા કક્ષાનો કારકિર્દી માર્ગદર્શન સેમીનાર યોજાયો

ગોધરા,

તા.૩૦/૦૫/૨૦૨૨ ના રોજ સવારે ૧૦ કલાકે નવી દિશા નવુ ફલક વિષય પર ગોધરા કલરવ સ્કુલ, વાવડી બુઝર્ગ ખાતે જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી,જીલ્લા રોજગાર કચેરી, સરકારી એન્જીનીયરીંગ કોલેજ, સરકારી પોલીટેકનીક, સરકારી આઈટીઆઈ, જીલ્લા ખેતીવાડી કચેરી, જીલ્લા પશુપાલન અધિકારીની કચેરીના સંયુકત ઉપક્રમે જીલ્લા કક્ષાનો કારકિર્દી માર્ગદર્શન સેમીનાર યોજાયો હતો.

જેમાં ગોધરા શહેર અને તેની આજુબાજુના ધો ૯ થી ૧૨ મા અભ્યાસ કરતા અંદાજે ૨૦૦ થી વધારે બાળકો અને વાલીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમા શિક્ષણમંત્રી દ્વારા અને વિવિધ વિભાગના તજજ્ઞ વકતાઓ દ્વારા ધો ૧૦, ધો ૧૨ તેમજ સ્નાતક પછીના ટેકનીકલ, મેડીકલ, ખેતીવાડી અને પશુપાલન, ફોરેસ્ટ વગેરે ક્ષેત્રમા ઉચ્ચ શિક્ષણ માટે વિવિધ અભ્યાસક્રમોની બાયસેગ દ્વારા ઓનલાઈન માર્ગદર્શન આપવામા આવ્યુ હતું. કાર્યક્રમમા ઓફલાઈન



માર્ગદર્શન માટે મુખ્ય વકતા તરીકે મુકેશ.આર પટેલ આસિ.રજીસ્ટ્રાર, ગોવિંદ ગુરૂ યુનિવર્સીટી ગોધરા દ્વારા વિદ્યાર્થીઓને ભગવત ગીતામા કૃષ્ણના ગુણોને અને તેમના સિદ્ધાંતોને જીવનમા ઉતારવા અને પ્રેરણા મેળવવા તેમજ સફળ બનવા હિંમત અને વિશ્વાસને મિત્રો બનાવીને કારકિર્દી ઘડવા માર્ગદર્શન આપવામા આવ્યુ હતું.

આ કાર્યક્રમમા જીલ્લા પંચાયત ગોધરાના પ્રમુખ કુ.કામિનીબેન સોલંકી અને નગર પાલીકા પ્રમુખ સંજય સોની દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે કારકિર્દી માર્ગદર્શન મેળવી આગળ વધવા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

જીલ્લા કલેકટર સુજલ મયાત્રા દ્વારા વિદ્યાર્થીઓનાં વિવિધ પ્રશ્નોના ઉત્તર આપી તેઓ જે ક્ષેત્રમા કારકિર્દી બનાવવા માંગે છે. તે અંગે સંપૂર્ણ અભ્યાસક્રમ, તૈયારીઓ, વાંચન તથા એક અધિકારી બનવા સુધીની સફર અંગે માહીતગાર કર્યા હતા. જીલ્લા શિક્ષણાધિકારી બી.એસ પંચાલ અને જીલ્લા રોજગાર અધિકારી એ.એલ ચૌહાણ દ્વારા વિદ્યાર્થીઓને તેમના રસ અને રૂચી મુજબ કારકિર્દી પસંદ કરવા અને આગળ વધવા પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમમા સરકારી એન્જીનીયરીંગ કોલેજ અને પોલીટેકનીક કોલેજના પ્રોફેસર દ્વારા કાર્યક્રમમા ટેકનીકલ મદદ કરવામા આવી હતી તેમજ વિદ્યાર્થીઓને વિવિધ કચેરી દ્વારા ઉચ્ચ અભ્યાસક્રમો અંગેનુ સાહીત્ય વિના મુલ્યે વિતરણ કરવામા આવ્યું હતું. આ સાથે કયુઆર કોડ દ્વારા સોફ્ટ કોપી મેળવવાની વ્યવસ્થા ઉપલબ્ધ કરવાવામાં આવી હતી. વધુમાં કારકિર્દી માર્ગદર્શન માટે રોજગાર કચેરીના ફેસબુક એકાઉન્ટ મોડેલ કેરીયર સેન્ટર ગોધરા તેમજ નેશનલ કેરીયર સેન્ટર પંચમહાલને ફોલો કરવા તેમજ ઘેર બેઠા રોજગારલક્ષી માહીતી અને માર્ગદર્શન માટે રોજગાર સેતુ કોલ સેન્ટર ૬૩૫૭૩૯૦૩૯૦ નો સપર્ક કરવા તેમજ રોજગાર કચેરીના ઓનલાઈન પોર્ટલ www.anubandham.gujarat.gov.in અને www.ncs. gov.in પર જોબસીકર તરીકે રજીસ્ટ્રેશન કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## પંચમહાલ જીલ્લામાં કોવિડ-૧૯ હોસ્પિટલના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓને પ્રોત્સાહિત રકમ નહિ ચુકવાતા જીલ્લા યુથ કોંગ્રેસ દ્વારા રજુઆત

ગોધરા,

પંચમહાલ જીલ્લ કોવિડ-૧૯ના બે તબકકામાં જીલ્લાની કોવિડ હોસ્પિટલમાં વર્ગ-૩ અને વર્ગ-૪ના આઉટ સોર્સ તથા ૧૧ માસના કરાર આધારીત પ્રોત્સાહિત રકમ નહિ ચુકવાતા જીલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ દ્વારા સિવિલ સર્જનને લેખિત રજુઆત કરાઈ.

કોરોનાના બે તબકકામાં પંચમહાલ જીલ્લા કોવિડ-૧૯ હોસ્પિટલમાં સારી કામગીરી થયેલ હતી. સરકારી કોવિડ હોસ્પિટલમાં કોવિડ-૧૯ના સમય દરમિયાન નિષ્ઠા થી કામ કરનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના આઉટ સોર્સ અને ૧૧ માસના કરાર આધારીત કર્મચારીઓને પ્રોત્સાહન રકમ નિયત પ્રમાણે મળવા પાત્ર છે. તેમ છતાં આજદિન સુધી જીલ્લાની કોવિડ-૧૯ હોસ્પિટલમાં કોરોનાકાળમાં ફરજ બજાવેલ કર્મચારીઓને પ્રોત્સાહન રકમ કેમ ચુકવવામાં આવી નથી. તેવી લેખિત રજુઆત પંચમહાલ જીલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ દ્વારા સિવિલ હોસ્પિટલ સિવિલ સર્જનને કરવામાં આવી છે.

## પંચમહાલ તથા દાહોદ જિલ્લાના શ્રમયોગીઓએ આફતના સમયે કરેલી વિશિષ્ટકામગીરી અંતર્ગત પારિતોષિક તથા સ્મૃતિચિન્હ આપવામાં આવશે

ગોધરા,

પંચમહાલ તથા દાહોદ જિલ્લામાં આવેલ કારખાનાઓમાં કામ કરતા શ્રમયોગીઓમાંથી જે શ્રમયોગીએ ઉત્પાદન, ઔદ્યોગિક શાંતી જાળવવામાં, આફતના વખતમાં પોતાની આત્મસુજ અને ત્વરિત પગલાંથી કારખાનામાં અને આજુબાજુના અસરગ્રસ્ત ક્ષેત્રમાં જાન માલમાં બચાવ અંગે શ્રમયોગી કલ્યાણ વગેરે માટેકરેલ વિશિષ્ટકામગીરીને પ્રસંશા આપવા રાજય શ્રમરત્ન, રાજય શ્રમભુષણ, રાજય શ્રમવીર, રાજય શ્રમ/શ્રમદેવી એવા દરેક શ્રેણીમાં ચાર એમ કુલ-૧૬ રાજય શ્રમ પારિતોષિક તથા સ્મૃતિચિન્હ આપવાની યોજના રીજીયન દીઠ અમલમાં મુકેલ છે. આ પારિતોષિક સને-૨૦૨૧-૨૦૨૨ ના નાણાંકિય વર્ષ દરમ્યાન કરવામાં આવેલી વિશિષ્ટકામગીરી માટેઆપવામાં આવશે. વિશિષ્ટ કામગીરીમાં શ્રમયોગીની કારખાના બહારની સામાજિક કે બીજી પ્રવૃત્તી દર્શાવવાની નથી. એક કરતાં વધારે શ્રમયોગીઓએ સંયુક્ત રીતે કોઈ કામગીરી કરેલ હોય તો તેઓ પણ સંયુક્તપણે અરજી કરી શકે છે. ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ ની જોગવાઈ મુજબ કામદારની વ્યાખ્યામાં ગણાતી વ્યક્તિ જ પારિતોષિક મેળવવા માટેની અરજી કરવા લાયક ગણાશે અને એ વ્યક્તિ કારખાના ધારા-૧૯૪૮ હેઠળ નોંધાયેલ કારખાનામાં કામ કરતી હોવી જોઈએ, જે શ્રમયોગી આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા હોય તેમણે નિયત કરેલ અરજી ફોર્મ-નાયબ નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, બહુમાળી મકાન, પહેલો માળ, કલેક્ટર કચેરીના કમ્પાઉન્ડમાં ગોધરા, જી.પંચમહાલ ની કચેરીમાંથી વિનામુલ્યે મેળવી લેવાની રહેશે. અરજદાર શ્રમયોગીએ/મેનેજમેન્ટે સંપૂર્ણ વિગતો સાથેની અરજી આજ કચેરીએ તા. ૩૦/૬/૨૦૨૨ સુધીમાં પહોંચતી કરવાની રહેશે. સમય મર્યાદા વિતી ગયા પછી કરવામાં આવતી અરજી ગ્રાહ્ય રાખવામાં આવશે નહી તેવું નાયબ નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, ગોધરા, જી, પંચમહાલ એક અખબારી યાદીમાં જણાવે છે.

## દાહોદ જીલ્લામાં નોંધ નં.૧૩૦૭૬ તેમજ બોગસ બિનખેડુતોની તપાસ થાય તો મોટું મહેસુલ વિભાગનું કૌભાંડ બહાર આવશે

દાહોદ,

દાહોદના ૮૭૮ પૈકી ૩ વાળી જમીનો ૭૩-એ.એ.વાળી નોંધ નં-૧૩૦૭૬ની દાહોદની આદિવાસીઓની આવેલી હતી. પરંતુ આ જ જમીનો કેટલા બિનખેડુતોને પધરાવી દેવામાં આવી છે. અને મુળભુત ખેડુતો ના હોવા છતાં અનેક પ્રકારનો સરકારી સેવકો દ્વારા ખુબ જ મોટા પ્રમાણની નોંધ નં-૧૩૦૭૬ ખોટા નિયમો વિરૂદ્ધના દસ્તાવેજો કરી કરાવી એકબીજાના મેળાપીપણામાં ખુબ જ મોટી લાંચો લઈ સરકારની પરમીશન વગર ફેરફાર કરી નાંખેલ છે. પરંતુ આ મિલકતોમાં ૭૩-એ.એ.ના નિયમો સરકારી બાબુઓએ ધ્યાને લીધેલ નથી તેમજ જિલ્લા દાહોદ આઈ.એ.એસ.અધિકારી મુખ્યનુ ધ્યાન કે સરકારનું ધ્યાન પણ દોરવામાં આવેલ નથી. કેટલાક મહેસુલ વિભાગ પરીપત્રો ઠરાવોનુ ઉલ્લંઘન કરેલ છે. અને એવા નિયમો વહીવટીનુ ગુજરાત સરકાર વિસ્તૃત પ્રશ્નોનું અનાદાર રાજય સેવકો દ્વારા રેકર્ડ વિરૂદ્ધની ગેરરિતીઓ કરેલ છે, જે નોંધ નંબર ૧૩૦૭૬ ૭૩-એ.એ.વાળી મિલ્કતોમાં કેટલાક વારસદારોના નામો બાકી છે અને નોંધ ૧૩૦૭૬માં કયા કયાં કબ્જેદારો છે, તે વેચાણે લેવાતું નથી તેમજ કેટલીક જમીનો ખોટી એન.એ.કરી નાંખેલ છે. એન.એ.કરાવતા પહેલા પરમીશનો લીધી પણ નથી. સરકારના સેવકો દ્વારા ગેરરિતીઓ આચરવામાં આવેલ છે. જે દાહોદ જિલ્લા દાહોદના ૮૭૮ પૈકી ૩ વાળી મનુ વાડીલાલ દેસાઈ નામના ઈસમો વગેરે દ્વારા ખોટા હુકમ થયેલા છે અને વગેરે કયા કયા ઈસમો છે તેવી નિયમો અનુસાર નામો સમક્ષ અધિકારીના હુકમમાં નિયમો અનુસાર દર્શાવવામાં આવેલ નથી અને ખુબ જ મોટા પ્રમાણમાં ૭૩-એ.એ.વાળી નોંધ નં-૧૩૦૭૬ બાબતે કેટલાક દાહોદના ભુમાફિયાઓ દ્વારા ખેડુતો કે બિનખેડુતો છે. તેવુ કેટલી નોંધોમાં સક્ષમ અધિકારીઓ દ્વારા દર્શાવવામાં આવેલ નથી. તેમ ભુમાફિયાઓ દ્વારા નામી અનામી મિલ્કતો અસામાજિક દ્વારા એકબીજાના નામ ઉપર કરી કરાયેલ છે. અને નોંધ ૧૩૦૭૬ ખુબ મોટા પ્રમાણની છે. જે બાબતે આદિવાસીઓ દ્વારા ઉકત રજુઆતો કરવામાં આવેલ છે. પરંતુ જિલ્લા કલેકટર દાહોદ દ્વારા બિનખેડુતોની તપાસ થાય તો તમામ બોગસ બિનખેડુતોના રાજય સેવકો એ દ્વારા મોટા પ્રમાણમાં ગેરરીતિઓ આચરેલ કિસ્સાઓ બહાર આવે તેમ છે. જો આ બાબતે નોંધ ૧૩૦૭૬ તથા અન્ય જિલ્લા દાહોદ તાલુકા દાહોદની તપાસ થાય તેવી માંગો ઉઠવા પામેલ છે. આ બિનખેડુતોના માતર ખેડા જિલ્લા ગામની મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી દ્વારા અચાનક તપાસ થતા સરકારના સેવકો દ્વારા ખુબ મોટા પ્રમાણમાં બિનખેડુતોને ખેડુત બતાવેલ ૫૦૦ બોગસ ખેડુત બનેલની મહેસુલી વિભાગ ગુજરાત સરકારના આદેશો અનુસાર યોગ્ય કાર્યવાહી માટે ટીમો નિમી બોગસ ખેડુતોને પકડવાના કિસ્સાઓ બહાર આવેલ છે. પરંતુ જિલ્લા દાહોદ તથા તાલુકો દાહોદની જો તપાસ હેઠળ મહેસુલી મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી દ્વારા તપાસ થશે તેવી આશાઓ સાથે રજુઆતો થયેલાની રજુઆતો વાયુવેગે છે. મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીના શુભ પગલા પડવાથી અનેક ગરીબ પ્રજાને ન્યાય મળેલ છે. તેમજ અગાઉ ગરીબ પ્રજા દ્વારા પોતાના હુકક હિત માટે અરજીઓ ભુમાફિયા દ્વારા દબાવી રાખેલ પણ તત્કાલી સાચી અને સરકાર નિયમો અનુસાર યોગ્ય કાર્યવાહી થાય તેવા તમામ પ્રકારની ગુજરાત સરકારના તમામ કલેકટરઓને આદેશ કોન્ફરન્સો સમીક્ષાઓ અનેક પ્રકારની મીડિયા દ્વારા રાજેન્દ્ર ત્રિવેદી મહેસુલ મંત્રીના આદેશો અનુસાર કરી કરાવા સખ્ત સુચનાઓ સાથે ભારપુર્વક આપેલ છે અને તમામ વિભાગ દ્વારા મુખ્યમંત્રીના નૈતૃત્વ હેઠળ તથા મંત્રી મહેસુલ વિભાગ કાયદામંત્રીના આદેશો અનુસાર યોગ્ય તથા સરકાર પરીપત્રો ઠરાવો અંગે રાજય સેવકોએ અનેક પ્રકારનો રેકર્ડ ગેરરીતિઓ કરેલ સામે તકેદારી આયોગ મહેસુલ તપાસણી સામાન્ય વિભાગ મહેસુલ વિભાગ તથા નગર નિયોજક અન્ય વિભાગમાં અરજદારો તથા નાગરિકો દ્વારા રજુઆતો બાબતે યોગ્ય અને ઘટીત કાર્યવાહી થાય તેવા ગુજરાત રાજય સરકારથી સખતથી સખત સુચનાઓને ધ્યાને લઈ ગરીબ પ્રજા સાથે વિશ્વાસઘાત ન થાય અને ખોટા ખોટા રેવન્યુ કોર્ટના હુકમો ના થાય રેકર્ડ રુલ્સ તથા વહીવટી સરકારના નિયમો અનુસારની તમામ પ્રક્રિયાઓ થાય અને ન્યાય હિતમાં સમતુલા જળવાઈ રહે તેવી મહેસુલ મંત્રી અને કાયદા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીના આદેશો અનુસારની કાર્યવાહી થાય અને કોઈપણ ઈસમો પ્રજા સાથે રેકર્ડ ગેરરીતિઓ કાર્યવાહી ના થાય તે બદલ મંત્રી મહેસુલ વિભાગએ રૂબરૂ તથા ઈમેલ તથા અન્ય પ્રકારની અરજીઓ અને પુરાવા સહિતની મોકલી શકો છો. તેવું પણ જાહેર કરેલ છે અને તમામ ગુજરાતની પ્રજાને મંત્રી દ્વારા ખુબ જ મોટાપ્રમાણમાં ન્યાય વર્ષોના વર્ષોના કેસોનો ન્યાય મળેલ છે. જે સાથે ટીવી મીડિયા દ્વારા અવાર નવાર જોવા મળે છે. જે મહેસુલ મંત્રી તરફથી બિનખેડુતો દાહોદની તપાસ થશે કે કેમ અને નોંધ નંબરની તમામ મિલ્કતો ૭૩-એ.એ.વાળી જમીનોની જીણવટભરી તપાસ અને યોગ્ય જિલ્લા કલેકટર દાહોદ તથા ગ્રામ વિભાગ બોગસ ખેડુતો બનેલની તપાસ થશે કે કેમ અને નોંધ પાડનાર સર્કલ ઓફિસરો દ્વારા મુળભુત ખેડુત પુરાવા રજુ કરાવશે કે કેમ, ગુજરાત રાજય સરકારને લાભમાં કે નુકશાનમાં લઈ જશે તે જોવા રહ્યું.ગુજરાત રાજય સરકાર દ્વારા જરૂરી યોગ્ય અને અધુરી જિલ્લા કલેકટર દાહોદ તથા તાલુકો દાહોદ તરફ આદેશો આપવા પ્રજાની ભલામણ તેમજ જિલ્લા દાહોદ તથા તાલુકો દાહોદના તમામ પ્રાંત અધિકારી તથા સબ ડીવીઝનલ પાસે બોગસ ખેડુતોની યોગ્ય તપાસ સરકારના હિતમાં કરાવશે કેમ.

## હાલોલના ફતેપુરી ગામેથી ૨૫ હજારના ઈંગ્લીશ દારૂ સાથે એક ઈસમને ઝડપી લેવાયો

હાલોલ,

હાલોલના ફતેપુરી ગામે ભાથીજી મંદિર સામે ખુલ્લા ખેતરમાં ટાટા એસી ગાડીમાં વેચાણ માટે ઈંગ્લીશ દારૂનો જથ્થો લાવેલ હોય તેવી બાતમીના આધારે હાલોલ રૂલર પોલીસે રેઈડ કરી બીયર ટીન, કવાટર મળી નંગ-૨૨૧ કિંમત ૨૫,૪૩૦/-રૂપીયા અને ગાડી મળી ૧,૮૦,૪૩૦/-રૂપીયા સાથે એક ઈસમ ઝડપ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના ફતેપુરી ગામે રહેતા દિનેશ લક્ષ્મણ પરમાર, હસમુખ માનસિંહ ચાવડા, મોહસીન અને ટાટા એસ ગાડીનો ચાલક ભાથીજી મંદિર પાસે ખુલ્લા ખેતરમાં ટાટા એસ ગાડી નં.જીજે.૨૭.યુ.૧૭૦૯માં વેચાણ કરવા માટે ઈંગ્લીશ દારૂનો જથ્થો લાવેલ છે. તેવી બાતમીના આધારે હાલોલ રૂલર પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ઈંગ્લીશ દારૂની બોટલ, બીયર ટીન અને કવાટર મળી નંગ-૨૨૧ કિંમત ૨૫,૪૩૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે મોહસીન પકડાઈ જવા પામ્યો હતો. જ્યારે ત્રણ ઈસમો નાશી છુટીયા હતા. આ બાબતે હાલોલ રૂલર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.